RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 168 Date: 09.04.2024 Tuesday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# મોઝામ્બિકમાં બોટ પલટી, નાનાં બાળકો સહિત ૯૧નાં મોત





દક્ષિણ આફ્રિકાના દેશ મોઝામ્બિકમાંથી એક ખૂબ જ દુઃખદ અકસ્માતના સમાચાર સામે આવ્યા છે. અહીં ઉત્તરીય તટ નજીક એક બોટ ડૂબી જવાથી ૯૧ લોકોના મોત થયા છે. અહેવાલો અનુસાર આ બોટ ૧૩૦ લોકો સાથે નમપુલા પ્રાંતના એક ટાપુ તરફ જઈ રહી હતી. પરંતુ, આ દરમિયાન અકસ્માતનો ભોગ બનતાં મોટી હોનારત સર્જાઈ હતી. આ બોટ પહેલા ફિશિંગ વેસલ હતી. એવું કહેવાય છે કે મોઝામ્બિક દુનિયાના સૌથી ગરીબ દેશોની યાદીમાં ૧૮૧માં ક્રમે આવે છે અને ત્યાં ભારતીયોની વસતી પણ આશરે ૭૦૦૦૦ની આસપાસ છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે બોટ તેની ક્ષમતા કરતાં વધુ લોકોને લઈ જવાને કારણે ડૂબી ગઈ હતી. આ સિવાય બોટ પેસેન્જર પરિવહન માટે ઉપયોગી નહોતી. મૃતકોમાં ઘણા બાળકો પણ સામેલ હતા. તેમને બચાવવાના પ્રયાસો છતાં હજુ સુધી માત્ર ૫ જ બચી શક્યા છે. બાકીના લોકોને શોધવા માટે ઓપરેશન ચાલી રહ્યું છે પરંતુ દરિયાની સ્થિતિ આ કામમાં મુશ્કેલી ઉભી કરી રહી છે.આ ઘટના સાથે જોડાયેલો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાઇરલ થઈ રહ્યો છે, જેમાં દરિયાકિનારે મૃતદેહો પડેલા દેખાય છે.પૂર્વ આફ્રિકાના દેશ મોઝામ્બિકમાં રવિવારે મોડીરાત્રે એક બોટ ડૂબી ગઈ હતી. આ દુર્ઘટનામાં ૯૧ લોકોનાં મોત થયાં હતાં. એમાં ઘણાં બાળકો પણ સામેલ છે. મૃત્યુઆંક વધવાની આશંકા છે.બ્રિટિશ મીડિયા બીબીસીના જણાવ્યા અનુસાર, ફિશિંગ બોટમાં ૧૩૦ લોકો સવાર હતા, જે એની ક્ષમતા કરતાં વધુ હતા, જેમાંથી અત્યારસુધીમાં ૫ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. હજી ઘણા લોકો ગુમ છે.આ લોકો મોઝામ્બિકના નામપુલા પ્રાંતના લુંગા શહેરથી મોઝામ્બિકના મુખ્ય ટાપુ પર જઈ રહ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે તમામ કોલેરાના રોગથી બચવા માટે પલાયન કરી રહ્યા હતા.આ ઘટના સાથે જોડાયેલો વીડિયો સોશિયલ મીડિયા પર વાઇરલ થઈ રહ્યો છે. આમાં લોકોને બચાવવામાં આવી રહ્યા છે અને દરિયાકિનારે ઘણા મૃતદેહો પડેલા દેખાય છે.નમપુલા પ્રાંત કોલેરાના પ્રકોપથી સૌથી વધુ અસરગ્રસ્ત પ્રાંતોમાંનો એક છે. આ રોગ જાન્યુઆરી ૨૦૨૩થી દક્ષિણ આફ્રિકાના ઘણા દેશોમાં ફેલાયો છે. કોલેરા ફેલાવવાનું મુખ્ય કારણ દૂષિત ખોરાક અને પાણી છે. જો સમયસર સારવાર ન કરવામાં આવે તો થોડા કલાકોમાં મૃત્યુ થઈ શકે છે.સીએનએનના અહેવાલ મુજબ, એક સ્થાનિક રહેવાસીએ જણાવ્યું કે, એગબોટી ગામમાં કેટલાક લોકો લગ્નમાં ગયા હતા. આ દરમિયાન ભારે વરસાદને કારણે રસ્તાઓ પર પાણી ભરાઈ ગયાં હતાં. આવી સ્થિતિમાં, લગ્નના કેટલાક મહેમાનોએ ગામ છોડવા માટે બોટ દ્વારા નદી પાર કરવાનો આશરો લીધો. તેણે કહ્યું કે બીજી તરફ કિનારા તરફ આવી રહી હતી ત્યારે તેમની બોટ પાણીમાં રહેલા ઝાડ સાથે અથડાઈ અને તૂટી ગઈ. આ પછી બોટના બે ભાગ થઈ જતા તૂટી ગઈ અને પાણીમાં ડૂબી ગઈ હતી. ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન માઈગ્રેશનના અહેવાલ મુજબ બોટ વાવાઝોડામાં ફસાઈ જતાં આ દુર્ઘટના થઈ હતી. બંને બોટ ગુરુવારે ટ્યુનિશિયાના ફેક્સ બંદરેથી નીકળી હતી. તેમજ, ટ્યુનિશિયાએ કહ્યું કે તેમને ફેક્સ બીચ પરથી ૧૦ પ્રવાસીઓના મૃતદેહ પણ મળ્યા છે. કોસ્ટગાર્ડે લેમ્પેડુસામાં પર્વતીય વિસ્તારોમાં ફસાયેલા ૨૦ પ્રવાસીઓને પણ બચાવ્યા હતા. તેમનો બચાવ હેલિકોપ્ટર દ્વારા કરવામાં આવ્યો હતો.ગ્રીસના દરિયાકાંઠે દરિયામાં એક બોટ ડૂબી જવાથી લગભગ ૫૦૦ લોકોના મોતની આશંકા છે. ગ્રીક અધિકારીઓના જણાવ્યા અનુસાર આ અકસ્માત ૧૪ જૂને થયો હતો. અત્યાર સુધીમાં ૭૯ મૃતદેહો મળી આવ્યા છે. મળતી માહિતી મુજબ, બોટ લિબિયાથી ઈટાલી જઈ રહી હતી. યુએન ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર માઈગ્રેશનએ માહિતી આપી છે કે બોટમાં ૭૦૦ થી ૭૫૦ લોકો સવાર હતા. જેમાંથી માત્ર ૧૦૪ લોકોને જ બચાવી શકાયા હતા.

## ’ઘરનો નોકર સમજવા લાગ્યા હતા..’ બળવા અંગે પહેલીવાર મહારાષ્ટ્રના મુખ્યમંત્રીના ઉદ્ધવ પર પ્રહાર




મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેએ શિવસેનામાં થયેલા બળવા અંગે પહેલીવાર મુક્તમને વાત કરી હતી. તેમણે ઉદ્ધવ ઠાકરેને ઘેરતાં તેમની સામે બાલ ઠાકરેની વિચારધારાથી ભટકવાનો આરોપ મૂક્યો હતો. શિંદે સહિત અનેક ધારાસભ્યોએ જૂન-જુલાઈ ૨૦૨૨માં ત્યારે અવિભાજિત શિવસેનામાં બળવો પોકાર્યો હતો. ત્યારબાદ ઉદ્ધવે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપવું પડ્યું હતું. એકનાથ શિંદેએ મોટો દાવો કર્યો કે મેં એટલા માટે બળવો કર્યો કેમ કે ઉદ્ધવ ઠાકરેએ શિવસેના સંસ્થાપક બાલ ઠાકરેની વિચારધારાને છોડી દીધી હતી. નાગપુરમાં શિવસેના કાર્યકરોને સંબોધતા શિંદેએ કહ્યું કે હું મુખ્યમંત્રી બનવા માગતો નહોતો પણ બાલ ઠાકરેની વિચારધારા સાથે સમાધાન થતું જોઈ મારે બળવો કરવો પડ્યો.

ઉલ્લેખનીય છે કે શિંદે જૂન ૨૦૨૨માં ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળની શિવસેનાથી છૂટાં પડી ગયા હતા અને તેમણે ભાજપના સમર્થનથી સરકાર બનાવી હતી.

## રૂપાલા વિવાદમાં હવે પોસ્ટર વોર શરૂ : ભાજપ કાર્યકરોની પ્રવેશબંધી માટે JCBથી લગાવ્યા બેનર

રાજકોટ લોકસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલાના નિવેદનને કારણે શરૂ થયેલો વિવાદ શાંત થવાનું નામ નથી લઈ રહ્યો. રૂપાલા સામે ક્ષત્રિય સમાજનો રોષ યથાવત. રાજ્યમાં અનેક ગામોમાં રૂપાલા અને ભાજપનાં કાર્યકરોને ગામમાં પ્રવેશ બંધીનાં બેનર લગાવ્યા છે. જો કે, સુરેન્દ્રનગરમાં પાટીદાર સમાજ પુરશોત્તમ રૂપાલાનાં સમર્થનમાં આવ્યો છે.વડોદરાનાં ડભોઈ તાલુકામાં ક્ષત્રિય સમાજ દ્વારા રૂપાલાનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. સાઠોદ ગામમાં ભાજપ કાર્યકરોનાં પ્રવેશ પર પ્રતિબંધનાં બેનરો લાગ્યા છે. જેસીબીની મદદથી ગામમાં મુખ્ય પ્રવેશ દ્વાર પર ક્ષત્રિય સમાજે બેનરો લગાવ્યા છે. આ ઉપરાંત સુરતનાં ગ્રામ્ય વિસ્તારમાં રૂપાલાનાં વિરોધમાં બેનર લાગ્યા છે. રૂપાલાની ટિકિટ ન કપાય તો ભાજપને પ્રવેશ નહીંનાં બેનર લાગ્યા છે. તેમજ ભાજપનાં કોઈ પણ નેતાને ગામમાં પ્રવેશ ન કરવાના પણ બેનર લગાવવામાં આવ્યા છે. ઓલપાડ અને




માંગરોળ તાલુકાનાં ગામડાઓમાં રૂપાલાનો વિરોધ થયો હતો. ઉલ્લેખનીય છે કે, સુરેન્દ્રનગરમાં પાટીદાર સમાજ પુરશોત્તમ રૂપાલાનાં સમર્થનમાં આવ્યો છે. સુરેન્દ્રનગરમાં પરશોત્તમ રૂપાલાનાં સમર્થનમાં ટિકિટ રદ ન કરવા અને અમે રૂપાલાનાં સમર્થનમાં છીએના લખાણ સાથેના બેનર લાગ્યા છે.રાજકોટ જિલ્લાના વડાળી, વાવડી, રમતપર ગામમાં રૂપાલા અને ભાજપને પ્રવેશબંધીના પોસ્ટરો લાગ્યા છે. આ ઉપરાંત વાંકાનેરના અગાભી પીપળીયા ગામમાં પણ આવા પોસ્ટર વાયરલ થયા છે. જામનગરના ધ્રોલના મોટા વાગુદડ ગામમાં રાજપૂત સમાજ દ્વારા ભાજપના નેતા અને આગેવાનો માટે પ્રવેશબંધીના બેનરો લગાવવામાં આવ્યા છે.

## પાટણમાંથી ૨.૧૧ લાખની કિંમતનો વિદેશી દારૂ સાથે એક ઈસમની અટકાયત

પાટણ,તા.૮

પાટણ ક્રાઈમ બ્રાન્ચ પોલીસની ટીમે વિદેશી દારુની હેરાફેરીના નવા કીમિયાનો પર્દાફાશ કર્યો છે. જીપ જાવામાં ઘાસચારાની આડમાં જીપ ડાલાના નીચેના ભાગમાં ગુપ્ત ખાનું બનાવીને વિદેશી દારુની હેરાફેરી કરી કરવામાં આવતી હતી. જેની બાતમી મળતાં ક્રાઈમ બ્રાન્ચની ટીમે સમી તાલુકાના બાસ્પા નજીકથી જીપ ડાલાને જડપી પાડ્યું હતુ.

જીપ ડાલાના નીચેના ભાગે બનાવેલ ગુપ્ત ખાનામાંથી વિદેશી દારુનો જથ્થો પણ મળી આવ્યો. ક્રાઈમ બ્રાન્ચે ૨.૧૧ લાખની કિંમતનો વિદેશી દારૂ સાથે એક ઈસમની અટકાયત કરી છે.ઉલ્લેખનીય છે કે રાજસ્થાનથી રાજ્યના અલગ અલગ શહેર અને જિલ્લાઓ સુધી બુટલેગરો નવી નવી મોડસ ઓપ્રેન્ટીસથી વિદેશી દારુ ઘુસાડવાના પેંતરા થકી વિદેશી દારુની હેરાફેરી કરતા હોય છે.

## ઉત્તર કોરિયાએ અમેરિકા સામે વાપરવા બનાવેલા હથિયારો રશિયાએ યુક્રેન પર ઝીંકતા ટેન્શન વધ્યુ

. રશિયા યુક્રેન યુદ્ધે દુનિયાભરમાં હાહાકાર મચાવી દીધો છે. કહેવાય છે કે રશિયાએ પહેલીવાર યુક્રેન યુદ્ધ મેદાનમાં ઉ.કોરિયાનાં શસ્ત્રોનો ઉપયોગ કર્યો છે. ઉલ્લેખનીય છે કે, ઉ.કોરિયાએ પોતે બનાવેલા શસ્ત્રોના હજી પ્રયોગો પણ કર્યા નથી. પરંતુ રશિયાએ યુકેન બેટલ ગ્રાઉન્ડને તે શસ્ત્રોની ‘‘પ્રયોગશાળા‘‘ બનાવી દીધું છે. તેમાં મૂળવાત એમ છે કે, વાસ્તવમાં કીમ-જોંગ-ઉનેએ શસ્ત્રો, અમેરિકા સામે જ



વાપરવા બનાવ્યાં છે, પરંતુ તેનું યુદ્ધ-મેદાનમાં પરીક્ષણ થયું નથી. હવે રશિયાએ તેનું યુક્રેન યુદ્ધમાં પરીક્ષણ શરૂ કરતાં અમેરિકામાં હડકંપ મચી ગયો છે. યુ.એસ.આર્મીના પેસિફિક-કમાન્ડના ઓફિસર કમાન્ડીંગ ચાર્લ્સ ફ્લિને કહ્યું હતું કે રશિયાએ, યુક્રેન યુદ્ધ મેદાનને ઉ.કોરિયાનાં શસ્ત્રોની પ્રયોગશાળા બનાવી દીધું છે. મને ખાતરી નથી કે, ઉ.કોરિયા પાસે, તે શસ્ત્રોના પ્રયોગો કરવા માટે કોઈ મેદાન હોય. હવે રશિયાએ તે માટે મેદાન માળી દીધું છે.દ.કોરિયાનાં પાટનગર ચીઉલાથી આશરે ૮૦ કિમી દૂર દક્ષિણે આવેલા સ્થળે અમેરિકાની ગેહીસન હમ્ફ્રીઝની મુલાકાત સમયે જમહલ ફ્લિને કહ્યું હતું કે, અમેરિકા રશિયા-ઉ.કોરિયા બંનેની આ ગતિવિધિ ઉપર નજર રાખી રહ્યું છે.

## ભારત સામે ઝેર ઓકી ચૂકેલા માલદીવના નેતાએ હવે તિરંગાનું અપમાન કર્યુ, ટીકા થતાં માફી માગી

માલદીવના મંત્રીઓ દ્વારા ભારત વિરુદ્ધ ઝેર ઓકવાનું યથાવત છે. અગાઉ વિવાદાસ્પદ ટિપ્પણી માટે સસ્પેન્ડ કરવામાં આવેલી મરિયમ શિયુનાએ હવે ભારતીય તિરંગાની મજાક ઉડાવી છે. જો કે તેણે બાદમાં વિવાદાસ્પદ પોસ્ટ ડિલીટ કરી માફી માંગી છે. અહેવાલો મુજબ શિયુનાએ માલદીવમાં વિપક્ષી પાર્ટી સ્ઢ઼ (માલદીવિયન ડેમોક્રેટિક પાર્ટી)ને નિશાન બનાવવા માટે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી.

## અમદાવાદમાં પોલીસ જવાન તો સુરેન્દ્રનગરમાં બે લોકોનું હાર્ટ ફેલ થયું

અમદાવાદ,તા.૮

રાજ્યમાં હાર્ટ એટેકનાં કિસ્સાઓમાં ફરી ધીમી ગતિએ વધારો થઈ રહ્યો છે. સુરેન્દ્રનગરમાં ૨૪ કલાકમાં એક મહિલા તેમજ એક પુરૂષનું હાર્ટ એટેકથી મોત નિપજ્યું હતું.જ્યારે અમદાવાદમાં એક પોલીસ કર્મચારીને ચાલુ ફરજ દરમ્યાન હાર્ટ એટેક આવતા તેમનું પણ મોત નિપજ્યું હતું.

છેલ્લા ઘણા સમયથી યુવાનોમાં હૃદય રોગનાં કિસ્સાઓનું પ્રમાણ વધી રહ્યું છે. ત્યારે હૃદયરોગનાં હુમલાઓમાં બાળકો સહિત યુવાનોનાં પણ મોત નિપજી રહ્યા છે. ત્યારે ગત રોજ અમદાવાદ શહેરનાં ખોખરા પોલીસ મથકમાં એકાઉન્ટન્ટ અને રાઈટર ફરજ બજાવતા અરવિંદ સોલંકી(ઉ.વર્ષ. ૩૩) ને હાર્ટ એટેક આવતા તેઓ ત્યાં જ ઢળી પડ્યા હતા. જે બાદ તેઓને હાજર પોલીસ કર્મચારીઓ દ્વારા તાત્કાલીક સારવાર અર્થે ખસેડાયા હતા. જ્યાં ફરજ પર હાજર તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

ખોખરા પોલીસ મથકમાં ફરજ બજાવતો અરવિંદ સોલંકીને એકાએક છાતીમાં દુખાવો થતા હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યાં ફરજ હાજર તબીબ દ્વારા તેઓને તપાસી તેઓને મૃત જાહેર કર્યા હતા. મિલનસાર સ્વભાવ ધરાવતા ખોખરા પોલીસ સ્ટેશનનાં કર્મચારીનાં મોતનાં સમાચાર પોલીસ કર્મચારીઓને જાણ થતા સૌ કોઈ શોકાતુર થઈ ગયા હતા.

સુરેન્દ્રનગરનાં લીંબડી શહેરી વિસ્તારમાં ૨૪ કલાકમાં બે હાર્ટ એટેકનાં બનાવમાં એક મહિલા તેમજ એક પુરૂષનું મોત નિપજતા પરિવારજનોમાં શોક વ્યાપી જવા પામ્યો હતો.

## રૂપાલા વિવાદઃ રાજકોટમાં ૯ અથવા ૧૦ તારીખે સ્વાભિમાન સભા કરણી સેના

રાજકોટ,તા.૮

લોકસભાની ચૂંટણીમાં પ્રચાર સમયે કેન્દ્રીય મંત્રી પરશોત્તમ રુપાલાએ ક્ષત્રિયો વિરૂદ્ધ ટિપ્પણી કરતા વિવાદ વધુ વકર્યો છે.અમદાવાદ જિલ્લાના ધંધુકામાં આયોજિત ક્ષત્રિય મહાસંમેલનમાં જાહેરાત કરવામાં આવી હતી કે રૂપાલા વિવાદ નહી ઉકેલાય તો આગામી કાર્યક્રમની રણનીતી ઘડાઈ છે. જેમાં આગામી દિવસોમાં રાજકોટમાં ક્ષત્રિય સ્વાભિમાન સભા કરવાની મોટી જાહેરાત કરવામાં આવી છે.

## તંત્રી લેખ......

# શેરબજારમાં તેજીને પગલે માર્ચના અંતે ડીમેટ ખાતાની કુલ સંખ્યા ૧૫ કરોડને પાર

માર્ચમાં ૩૧.૨૦ લાખ નવા ડીમેટ ખાતાના ઉમેરા સાથે ડીમેટ ખાતાની એકંદર સંખ્યા વધી ૧૫ કરોડને પાર કરી ગઈ છે. માર્ચના અંતે ડીમેટ ખાતાની કુલ સંખ્યા૧૫.૧૪ કરોડ જોવા મળી છે. ૧૯ મહિનાના ગાળામાં ડીમેટ ખાતાની સંખ્યામાં પાંચ કરોડનો વધારો થયો છે. આમ ડીમેટ ખાતાની સંખ્યામાં ઝડપી વધારો દેશના રોકાણકારો ઈક્વિટીઝમાં સીધા રોકાણ કરવાનું પસંદ કરી રહ્યાના સંકેત મળે છે. નાણાં વર્ષ ૨૦૨૪માં ૩.૭૦ કરોડ નવા ડીમેટ ખાતા ખોલાયાનું ડીપોઝિટરિસ - સીડીએસએલ તથા એનએસડીએલના આંકડા જણાવે છે.ગયા નાણાં વર્ષમાં ૩.૭૦ કરોડ નવા ખાતાનો આંક કોઈ એક નાણાં વર્ષમાં અત્યારસુધીનો સૌથી વધુ છે. છેલ્લા એક વર્ષથી દેશના શેરબજારોમાં સતત સુધારો જોવા મળી રહ્યો છે. સેકન્ડરી બજારમાં રેલી ઉપરાંત દેશમાં પ્રાઈમરી માર્કેટની પ્રવૃત્તિમાં વધારો પણ ડીમેટ ખાતાની સંખ્યામાં વધારા માટે કારણભૂત રહ્યો છે. ગયા નાણાં વર્ષમાં કુલ ૭૬ કંપનીઓએ જાહેર ભરણાં મારફત રૂપિયા ૬૧૯૨૧ કરોડ ઊભા કર્યા હતા. ભરણાંના ભાવથી ઊંચા લિસ્ટિંગથી થતાં લાભથી પ્રેરાઈને વધુને વધુ રોકાણકારો આઈપીઓ તરફ વળી રહ્યા છે. ડિજિટાઈઝેશનને પરિણામે ડીમેટ ખાતા ખોલાવવામાં સરળતા પણ ખાતાની સંખ્યામાં વધારો થવાનું એક કારણ રહ્યું છે. નાણાં વર્ષ ૨૦૨૧ના અંતે ડીમેટ ખાતાની કુલ સંખ્યા ૫.૪૪ કરોડ હતી. છેલ્લા ચાર વર્ષમાં નાણાં વર્ષ ૨૦૨૨માં ડીમેટ ખાતામાં ૬૫ ટકા વધારો થયો હતો. કોરોના બાદ ઘેરબેઠા કમાણી કરવાના વ્યૂહને પગલે ૨૦૨૨માં ખાતા ખોલવામાં જોરદાર વધારો થયો હતો.

### દેશ સતત વધી રહેલી ગુન્હાખોરી અને મહિલાને લગતા ગુન્હાઓમાં ચિંતાજનક વધારોઃ

# દેશમાં છેલ્લા નવ વર્ષમાં મહિલા પર અત્યાચારના ૩૩,૯૩ ૨૯૪ અને ગુજરાતમાં ૭૫૪૯૯થી વધુ ગુનાઓ નોંધાયા

દેશ સતત વધી રહેલી ગુન્હાખોરી અને મહિલાને લગતા ગુન્હાઓમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. ભાજપ સરકારમાં કાયદા વ્યવસ્થાની સ્થિતી સતત કથળી રહી છે ત્યારે શું આ છે સલામત ગુજરાત? તેવો વેધક પ્રશ્ન સાથે ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તાશ્રી ડૉ.મનીષ દોશીએ જણાવ્યું હતું કે ભાજપ સરકારના રાજમાં દેશમાં ગુનાખોરીમાં વધારો થયો છે. રાજ્યમાં પણ ગુનાખોરીમાં વધારો થતા આંકડા સામે આવ્યા છે. દેશમાં મહિલાઓને લગતા ૩૩,૯૩,૨૯૪ ગુના નોધાયા છે. ગુજરાતમાં છેલ્લા નવ વર્ષમાં મહિલાઓને લગતા ૭૫૪૯૯થી વધુ ગુનાઓ નોંધાયા છે. દેશમાં ૯ વર્ષમાં મહિલાઓ પર દુષ્કર્મના ૩ લાખથી વધુ અને ગુજરાતમાં ૫૫૬૦ થી વધુ કેસ નોધાયા છે. દેશમા અનુસૂચિત જાતિને લગતા ૪,૧૬,૯૯૦ ગુનામાં અને ગુજરાતમાં ૧૧૭૫૧થી વધુ ગુન્હાઓ નોંધાયો છે. ભાજપ શાસનમાં મહિલા, અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિને લગતા ગુન્હાઓ તો વધ્યા જ છે પરતું બાળકોને લગતા ગુન્હામાં પણ ચિંતાજનક વધારો છે. દેશમાં બાળકોને લગતા ૧૨ લાખ જેટલા ગુન્હાઓ અને ગુજરાતમાં ૩૩,૦૦૦ જેટલા ગુન્હાઓ નોધાયા છે. વર્ષ ૨૦૨૨માં મહિલાઓને લગતા ૪,૪૫,૨૫૬ જેટલા ગુન્હાઓ નોધાયા છે. જેમાંથી ગુજરાતમાં ૭૭૩૧ જેટલા ગુન્હાઓ નોધયા હતા. ગુજરાતમાં વર્ષ ૨૦૧૬થી ૨૦૨૨ સુધીમાં ૯૭ કસ્ટોડીયલ ડેથ થયા છે. જેમાં ઝીરો કન્વીક્શન રેટએ ભાજપ સરકારની નિષ્ફળતાને ઉજાગર કરે છે.

રાજ્યના ગૃહમંત્રીનાં શહેર સુરતમાં ક્રાઈમ રેટ ત્રણ વર્ષ ૫૦ ટકા કરતા વધ્યો છે. સલામત ગુજરાતની વાત કરનાર ભાજપ સરકારમાં હિરા અને ટેક્ષટાઈલની નગરી સુરતમાં જ ક્રાઈમ રેટમાં સતત વધારો થઈ રહ્યો છે. છેલ્લા ૬૦ દિવસ કરતા વધુ સમય પસાર થઈ ગયો હોવા છતાં કાયમી પોલીસ કમિશ્નરની નિમણુંક અંગે હજુ સુધી સરકાર કેમ નિર્ણય કરતી નથી ? તત્કાલીન મુખ્યમંત્રીએ પણ ભાજપ સરકારના ગૃહવિભાગમાં સૌથી વધુ ભ્રષ્ટાચાર થાય છે તેમ જણાવ્યું હતું. સુરતમાં ગુન્હાખોરીમાં ગત ૩ વર્ષમાં ૫૦.૪૫ ટકાનો વધારો થયો છે. સુરતમાં વસ્તુઓ ચોરાઈ જવાની ચિંતામાં ૩૪.૪૭ ટકા, કાર ચોરાઈ જવાની ચિંતા ૨૬.૪૫ ટકા અને ભ્રષ્ટાચાર-લાંચની ચિંતા ૫૫.૫૩ ટકા જેટલો છે ગુનાખોરીમાં સુરત અવ્વલ નંબરે આવી ગયુ છે. સુરતમાં ૭૨ કલાકમાં આઠથી વધુ હત્યા-ખૂનના કિસ્સાઓ સામે આવ્યા છે. મહિલાઓ સાથે અત્યાચારનાં ગુન્હાઓમાં સતત વધારો થયો. દેશમાં છેલ્લા ૧૦ વર્ષમાં ગુન્હામાં સતત વધારો થયો છે. રાજ્યમાં અપહરણ, બળાત્કાર, ઘરેલુ હિંસા, દહેજ મૃત્યુ અને શોષણ, મહિલાઓ પર ઍસિડથી પણ હુમલા, મહિલાઓનું ટ્રાફિકીંગ, મહિલાઓ સાઈબર ક્રાઈમ સહિતના ગુન્હાઓ થઈ રહ્યા છે. મહિલાઓને લગતા અપરાધના મામલા વધી રહ્યાં છે ત્યારે મહિલાઓ પર થતા અત્યાચારો ઉપર લગામ લગાવવા અને દીકરીઓને સુરક્ષા આપવામાં નિષ્ફળ ભાજપ સરકાર જવાબ આપે.

# માણસ ભૂલ્યો છે જીવવાનું ભાન

માણસનું જીવન અલભ્ય છે. એવું કહેવાય છે કે ૮૪ લાખ જન્મનાં ફેરા ફર્યા બાદ મનુષ્ય જીવન મળે છે, પરંતુ આ અદભુત જીવનનો કેટલા લોકો સારી રીતે ઉપયોગ કરે છે એ આજનાં સમયનો એક મોટો પ્રશ્નાર્થ છે. માણસ સવારે ઉઠે છે અને રાત્રે મોડે મોડેથી સુવે છે ત્યાં સુધી લઈને એ કેટકેટલું એવું કરે છે જે એને, એનાં શરીરને, એની આત્માને નુકસાનકર્તા બને છે. એક વ્યક્તિ દ્વારા બીજા વ્યક્તિનાં દિલને દુભાવવું, ઘરના સભ્યો સાથે યોગ્ય વ્યવહાર ન કરવો, સહકાર્યાંરીઓ સાથે સુયોગ્ય વ્યવહાર ન કરવો, સતત જંક ફૂડ ખાઈને શરીરને અસ્વસ્થ કરવું વગેરે ન જાણે કેટકેટલી ખરાબ આદતો માણસ સાથે લઈને જીવતો હોય છે. એવું કહીએ કે માણસ કરતાં તો પશુ, પક્ષી અને પ્રાણીઓ સમજદાર છે તેમાં કોઈ નવાઈ નહિ લાગે.



આ માટે પક્ષીઓનું જ ઉદાહરણ લઈએ તો તેઓ પણ સ્વસ્થ, આરોગ્યપ્રદ જીવન જીવવા માટે કેટલાંક નિયમો પાળે છે. તેઓ રાતે ભોજન નથી કરતા ઉપરાંત એ ક્યારેય એકસામટું ખાતા નથી, પોતાનું ભોજન ક્યારેય બદલતા નથી. એમની સામે જેટલા પણ દાણા હશે એ ક્યારેય બધા ખાઈ નહી જાય. એમને જેટલી ભૂખ હશે એટલું જ ખાશે અને ઉડી જશે. પોતાની સાથે પણ કશું જ લઈ નહી જાય. તેઓ જો બીમાર પડશે તો ખાવાનું છોડી દેશે એટલે કે ઉપવાસ કરશે જે પ્રાકૃતિક ચિકિત્સાનું એક સ્વરૂપ છે. તેઓ ઠીક થાય પછી જ ફરીથી ખાવાનું શરુ કરે છે. માણસે પણ આવી જ રીતે 'મિતાહાર' અને જરૂર પડે ત્યારે 'ઉપવાસ'ને અપનાવવો જોઈએ. પ્રાચીન ગ્રંથોમાં પણ તેનો ઉલેખ્ખ છે. પક્ષીઓ રાત્રે પોતાનું ઘર છોડીને ક્યાંય બહાર આટા ફેરા કરવા જતા નથી, પોતાનાં બાળકોને યોગ્ય સમયે યોગ્ય શિક્ષા આપે છે અને યોગ્ય સમય આવ્યે તેમને માળામાંથી ઉડવાની અને ખુલ્લા આકાશમાં વિહરવાની પ્રેરણા પણ આપે છે. તેઓ પોતાના શરીર પાસેથી સતત કામ લે છે અને ફક્ત રાત્રે જ આરામ કરે છે. પરિશ્રમ કરવાથી હદય, કીડની, લીવરની બીમારીઓ થતી નથી. તેઓ પર્યાવરણને અનુકુળ રહે છે, પોતાનું રહેઠાણ પણ પર્યાવરણને અનુકુળ હોય તે રીતે જ બનાવે છે. પ્રકૃતિ પાસેથી એ એટલું જ લે છે જેટલી એમને જરૂર છે, પોતાની માતૃભાષા માટે પ્રેમ અનુભવે છે અને વ્યવહારમાં પણ તે જ ઉપયોગમાં લે છે. આમ આવા જીવો પાસેથી માણસે પણ કશુક શીખવું જોઈએ અને વ્યવહારમાં અપનાવવું જોઈએ.

# ધાર્મિક રજાઓ દરમિયાન પરમાત્માનું સ્મરણ - સંત રાજીન્દર સિંહજી મહારાજ

સમગ્ર વિશ્વમાં તમામ ધર્મના લોકો વર્ષના જુદા જુદા સમયે વિશેષ રજાઓ ઉજવે છે. ભલે આપણે ગમે તે આસ્થાના હોઈએ પરંતુ સંતો, રહસ્યવાદીઓ, માસ્ટર્સ, આધ્યાત્મિક શિક્ષકો અને પ્રબુદ્ધ માણસોના જીવન તથા તેમના ઉપદેશોને યાદ કરવા માટેના ખાસ દિવસો છે જેમણે પરમાત્મા પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે પોતાનું જીવન સમર્પિત કર્યું હતું. દરેક ધર્મના બાહ્ય રિવાજો અલગ અલગ હોઈ શકે છે પરંતુ દરેકનો ઉદ્દેશ એક જ છે. સર્જનહાર નું સ્મરણ.

ભલે આપણે બાહ્ય રિવાજોમાં રજાઓ નો સમય પસાર કરીએ જેમ કે આપર્ણા પૂજાસ્થાનમાં હાજરી આપવી, મીણબત્તી પ્રગટાવી, ઘંટડીઓ વગાડવી વિશેષ પ્રાર્થના કરવી અથવા શાસ્ત્રોને વાંચવા. દરેક આસ્થામાં સમાનતા એ છે કે આ કાર્યો આપણું ધ્યાન પરમાત્મા તરફ દોરવા માટે છે. તમામ ઉપદેશ અનુસાર ભગવાન બહાર જોવા મળતા નથી પરંતુ આપણી અંદર હોય છે. બાહ્ય રિવાજો નિભાવવા સહેલા છે. પરંતુ આપણે આપણી અંદર રહેલા આ પરમાત્માના સંપર્ક કેવી રીતે કરી શકીએ?



ઘણા લોકો આજે શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય સુધારવા જેવા ફાયદા માટે ધ્યાન કરે છે. તબીબી સંશોધકો અને ડોક્ટર એ શોધી કાઢ્યું છે કે ધ્યાન આપણા હૃદયના ધબકારા અને મગજના તરંગો ને ધીમું કરે છે. અને આ શાંતિની અસર હૃદય રોગ, ખેંચ, કેન્સર, પાચન અને રુધિરાભિસરણ સમસ્યાઓ, માથાનો દુખાવો અને અન્ય વિકૃતિઓ જેવી કે તણાવ સંબંધી બીમારીઓનું જોખમ ઘટાડી શકે છે. તે આપણને ભાવનાત્મક સમસ્યાઓમાં પણ વધુ સારી રીતે વ્યવહાર કરવામાં મદદરૂપ થાય છે. અભ્યાસ અનુસાર ધ્યાન અને એકાગ્રતામાં વધારો થવાથી માનસિક ક્ષમતાઓ પણ વધારો દર્શાવે છે. જોકે આપણી શારીરિક તથા માનસિક સુખ ના ફાયદા કરતાં પણ ધ્યાન નું ઘણું ઊંડું તથા ઊંચું મૂલ્ય છે. ધ્યાન આપણને આધ્યાત્મિક લાભ તરફ દોરી શકે છે. આનો સૌથી મોટો લાભ છે કે આપણી આત્માનું પરમાત્મા સાથે જોડાણ. આપણે ભલે બહારથી રજાઓ કેવી રીતે પણ પસાર કરીએ પરંતુ આપણે થોડો સમય મૌન બેસીને ધ્યાન કરવા માટે આપીએ. આપણે પરમાત્માને શોધવા માટે આપણું ધ્યાન અંદરની તરફ કરીએ. જ્યારે આપણે શાંત બેસીએ છીએ. આપણા વિચારોને શાંત કરીને અંદરની તરફ જોઈશું તો આપણે આંતરિક પ્રકાશ જોવા તથા દિવ્ય સંગીત સાંભળવા મળે છે. આંતરિક પ્રકાશ તથા દિવ્ય ધ્વનિ એ પ્રવાસ છે જેના દ્વારા જોડાઈને આપણે પરત પરમાત્મા સાથે જોડાઈ શકીએ છીએ. આંતરિક પ્રકાશ તથા દિવ્ય ધ્વનિ ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને આપણી આત્મા પાછા તેના સ્ત્રોત પરમાત્મા તરફ ઉડાન કરી શકે છે.

# શ્રી એકલિંગજી પ્રગતિ મંડળ મોડાસા આયોજિત ૨૨ માં પાટોત્સવ ની ભવ્ય ઉજવણી કરવામાં આવી

ફાગણ વદ ચૌદસના દિવસે રાજસ્થાનના મૂળ એકલિંગજી મંદિરમાં ભવ્ય ઉત્સવ ઉજવવામાં આવે છે. સમગ્ર દેશ અને રાજ્ય મા જ્યાં જ્યાં મેવાડા બ્રાહ્મણો વસે છે ત્યાં ત્યાં પણ આ દિવસે ધામધૂમથી દાદા ના પાટોત્સવ ની ઉજવણી કરવામાં આવે છે.



સમગ્ર રાજ્યમા બ્રહ્મ સમાજ દ્વારા એકલિંગજી દાદા ના પાટોત્સવની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. અરવલ્લી જિલ્લાના મોડાસા નગરમાં એકલિંગજી પ્રગતિ મંડળ આયોજીત ૨૨ મા પાટોત્સવ ની ગાયત્રી પરિવાર કેન્દ્ર ખાતે ઉજવણી કરવામાં આવી હતી. દર વર્ષની જેમ સમાજના અગ્રણીઓ અને દંપતી યજમાનોએ ઉત્સાહ ભેર પૂજા મા ભાગ લીધો હતો સવારે ૯ કલાકે પૂજાનો પ્રારંભ થયો હતો અને સાંજે ચાર કલાકે પૂર્ણા હૂતિ થઈ હતી . સૌ સભ્યોએ પૂજા અર્ચના કરી દાદા ની આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી. પાટોત્સવ ની ઉજવણી પછી મંડળ ના સૌ સભ્યોએ પરિવાર સાથે મહાપ્રસાદ નો લાભ લીધો હતો .આ પ્રસંગે એકલિંગજી પ્રગતિ મંડળના પ્રમુખ, મંત્રી, સહમંત્રી, ઉપપ્રમુખ, ખજાનચી તથા કારોબારી સભ્યો અને એકલિંગજી પ્રગતિ મંડળની મહિલા પાંખ હોદ્દેદાર બહેનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા .એકલિંગજી પ્રગતિ મંડળ ના પ્રમુખ આશિષ ત્રિવેદી એ ભોજન પ્રસાદ દાતા અનસૂયાબેન પદ્યુમન ભાઈ જોષી પરિવાર, ફળાહાર આજીવન દાતા અરવિંદભાઈ આનંદીલાલ પંડ્યા અને પૂજાપાના આજીવન દાતા હર્ષદભાઈ મોહનલાલ ત્રિવેદીનો સવિશેષ આભાર વ્યક્ત કર્યો હતો. અને દરવર્ષે ભવ્ય ઉજવણી થાય એવો અનુરોધ કર્યો હતો.

# મોદી પરિવાર સભા ૮ એપ્રિલ થી ૧૬ એપ્રિલ બે કે ત્રણ શક્તિ કેન્દ્ર અથવા ૧૦ થી ૧૨ બૂથ વચ્ચે એક મોદી પરિવાર સભા યોજાશે. : શ્રી રજનીભાઈ પટેલ

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમા જણાવે છે કે, આજ રોજ મોદી પરિવાર સભા અંતર્ગત પ્રદેશના મહામંત્રીશ્રી રજનીભાઇ પટેલ,ચૂંટણી પ્રબંધન સમિતિના સંયોજકશ્રી આઇ.કે.જાડેજા તેમજ મોદી પરિવાર સભાના પ્રદેશના સંયોજકશ્રી મનિષભાઇ પટેલે અમદાવાદ મીડિયા સેન્ટર ખાતે પ્રેસ કોન્ફરન્સ સંબોધી આ પ્રેસ કોન્ફરન્સમા પ્રદેશના પ્રવકતાશ્રી યમલભાઇ વ્યાસ, પ્રદેશ મીડિયા વિભાગના કન્વીનરશ્રી ડો.યજ્ઞેશભાઇ દવે ઉપસ્થિત રહ્યા હતા.



પ્રેસને માહિતી આપતા પ્રદેશના મહામંત્રીશ્રી રજનીભાઇ પટેલે જણાવ્યું કે, લોકસભા ચૂંટણી માટે હવે ગણતરીનો સમય બાકી છે. ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા ચૂંટણી હોય કે ન હોય તે જનતાની વચ્ચે રહી સેવાકીય કાર્યો કરતા હોય છે. મોદી સાહેબ હમેંશા કહે છે કે મારો જન્મ મોજશોખ કરવા નહી જનસેવા માટે સખત પરિશ્રમ કરવા માટે થયો છે. ચૂંટણી સમયે કેન્દ્ર સરકારમા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમા વિવિધ વિકાસના કાર્યો થયા છે તે કામોની ચર્ચાની માહિતી જન જન સુધી પહોંચાડવામા આવે છે તે અંતર્ગત અનેક કાર્યાક્રમો યોજાનાર છે જેમા મોદી પરિવાર સભા યોજાનાર છે. આ કાર્યક્રમમા બે કે ત્રણ શક્તિ કેન્દ્ર અથવા ૧૦ થી ૧૨ બૂથ વચ્ચે એક મોદી પરિવાર સભાનુ આયોજન કરવામા આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત ૮ એપ્રિલ થી ૧૬ એપ્રિલ દરમ્યાન જાહેરસભા યોજાશે જેમા મોટી સંખ્યામા વિવિધ સમાજના આગેવાનો અને જનતા ઉપસ્થિત રહેશે. આ સભામા મોદી સાહેબે કરેલા કાર્યોની વાત ૭૦૦ જેટલા વકતાઓ જનતાને કરશે.

શ્રી રજનીભાઇ પટેલે વધુમા જણાવ્યું કે, મોદી પરિવાર સભામા મોટી સંખ્યામા જનતા જનાર્દન જોડાય તેની વિનંતી. મોદી પરિવાર સભા જાહેર સ્થળ પર કરવામા આવશે. વિધાનસભા સહ એક દિવસમા ચાર કે પાંચ મોદી પરિવાર સભા કરવામા આવનાર છે.

# અમદાવાદ માં છેલ્લા ૧૪ વર્ષ થી સતત વિકલાંગો,વિધવાઓ,કાયમી દર્દીઓ,તેમજ જરૂરતમંદ મોહતાજ અતિ નબળા વર્ગના લોકો માટે કામ કરતી સેવાભાવી સંસ્થા

વિકલાંગ સહાયક કેન્દ્ર વટવા,અમદાવાદ માં છેલ્લા ૧૪ વર્ષ થી સતત વિકલાંગો,વિધવાઓ,કાયમી દર્દીઓ,તેમજ જરૂરતમંદ મોહતાજ અતિ નબળા વર્ગના લોકો માટે કામ કરતી સેવાભાવી સંસ્થા છે.

તાજેરમાંજ વટવામાં સંસ્થા ના કાર્યાલય પર પવિત્ર તેહવાર રમઝાન ઈદ હર્ષોલ્લાસ, આનંદ અને ખુશી સાથે ઉજવી સકે,જેમના માં બાપ ની આર્થિક પરિ?થતિ સારી ના હોય એવા પરિવાર ના નાના બાળકો ને ૧ જોડી કાપડ,૨ પેકેટ સૈવાય્યા,૨ પેકેટ વેફર,૨ પેકેટ બિસ્કીટ , ૧ પેકેટ બેકરી ટોસ, સ્વીટ વગેરે નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું.



આ શુભ અને અતિ સુંદર કાર્ય માં શ્રી તલ્હાભાઈ નો સહયોગ રહ્યો છે,અતિથિ વિશેષ તરીકે ઓલ ઈન્ડિયા એમએસએમઇ ફેડરેશન ના પ્રમુખ, શામ સેવા ફાઉન્ડેશન ના ચેરમેન, શ્રી મગનભાઈ પટેલ,વિશ્વ પરસિઘ્ધ દરગાહ હઝરત ૢ્હ્વીક્ટ્ક્ક્ઙ્ક્હ્દ્ધ સરકાર ના વંશ,અઝીઝ અહમદ બુખારી, જેનુદ્દીન ભાઈ, સૈયેદ મુનવ્વર હુસેન દિનેશભાઈ દેસાઈ વગેરે મહાનુભાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.આ પવિત્ર રમઝાન માસમાં સુંદર સેવાકિય પ્રવૃત્તિઓ કરવા બદલ ટ્રસ્ટ ના સભ્યો તથા પ્રમુખ શ્રી બાબુભાઈ સાબુ વાળા ને અભિનંદન પાઠવ્યા હતા. દ્વારા જૂન મહિના માં ૬છટ્ટ સર્વધર્મ સમૂહ લગ્નોત્સવ નો આયોજન કરવામાં આવ્યુ છે,જેના ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૫/ ૦૫/૨૦૨૪=છે,મર્યાદિત જોડા લેવાના હોવા થી નામ વેહલાં તે પેહલા ના ધોરણે રજીસ્ટર કરવા માં આવશે જેની ખાસ નોંધ લેશો.

# રાજુ રદીને ચીનની યુનિવર્સિટીમાં વેકેશનમાં પ્રેમ કરવા જવા તલપાપડ છે!!

" ગિરધરભાઇ ચીન જવું હોય તો શું કરવું પડે??" હમણાથી અમારે શાંતિ હતી. કેમ કે, રાજુ રદી નામનું તાઉતે મારા ઘરે ફૂંકાયું ન હતું. મને પેટમાં ધ્રાસ્કો પડ્યો કે કંઇ છોકરીના નસીબ ફૂટેલા હશે કે રાજુને હા પાડી દીધી હશે. રાજુનો વાગ્દતા સાથે સંવનન કાળ ચાલતો હશે!!( સંવનન કાંળ આમ, પણ અઘરો હોય છે. તો પછી સમજવામાં કેમ હેવી ન લાગે?? આ એક જાતનું ડેટિંગ છે.રાજુ જેવા અભાગિયા એકલા એકલા ડેટિંગ કરતા હોય છે!! રાજુ અને હું ઘણા મામલે કમનસીબ છીએ. અમારી બખડજંતર ચેનલ બાળ બ્રહ્મચારી હનુમાન જેવી છે. શ્યામાંગી પણ સાંપડે નહી તો કોની સાથે ફર્લટિંગ કરવું?? બધા સહરાના રણ જેવા . આલિયા ભટ જેવી મીઠી વિરડી જોવા જ ન મળે!!!

" રાજુ. ચીન જવું એ ચલાવા અગર ચિલોડા જેવું સરળ નથી!! કેમ કે ચિલોડા કે ચિતલ જવામ માટે વિઝાની જરૂર પડતી નથી. " મેં રાજુના મગજની નસો ખેંચી.

" ગિરધરભાઇ. તમારે જવાબ આપવો ન હોય તો ના પાડી દો. હું ચેટપીજીટીને સવાલ પૂછીને માહિતી પૂછી લેઇશ.એ મને કૌઇ દિવસ નિરાશ કરે નહી !!!" રાજુએ પગ પછાડતા કહ્યું.

" રાજુ તારે ચીન શું કામ જવું છે?? તારે ત્યાં કોઇ સગુવ્હાલું નથી . ત્યાં જઇને તું ટીયાનમેન સ્કેવર જવાનો છું? સર્પ કે દેડકાનો સુપ ટેસ્ટ કરવાનો ઈરાદો છે??" મેં રાજુને ચીનગમવ માટેનું સોલિડ કારણ પૂછયું.

" ગિરધરભાઇ.,આપણો દેશ સંકુચિત અને સંકીર્ણ છે. પ્રેમ બાબતે જબરો ઉકળાટ છે. કોઇ યુવક-યુવતી પ્રેમમાં પડે એટલે મોરલ પોલીસની ભ્રકુટિ ખેંચાઇ જાય છે. વેલેન્ટાઇન ડેની ઉજવણીનો વિરોધ વરસે અને વરસે વધતો જાય છે. જે દેશમાં વસંતના વધામણા કરવા મુક્ત મને વસંત-પ્રેમ પંચમી ઉજવાતી હોય, ખજૂરાહો જેવા કામકેલીની ઉત્કૃષ્ટ શિલ્પો હોય. જયાં કુમારસંભવમ્ જેવો રોમેન્ટિક ગ્રંથ હોય, જયાં રાજકુમારીને પોતાનો જીવનસાથી પસંદ કરવા સ્વયંવર યોજતી હોય, ગાર્ગી જેવી વિદુષી હોય, "યત્ર નાર્યન્તુ પૂજયન્તે તત્ર રમન્તે દેવતા " જેવું સ્ત્રીશસકતિકરણનો સંદેશ પ્રસારિત થતો હોય તે દેશમાં પ્રેમ માટે પોષક, પ્રગતિકારક અને પ્રોત્સાહક પરિસ્થિતિ પર્યાવરણ નથી!! પ્રેમમાં પરનારે જાણે મહાપાતક આચર્યું હોય તેવો તિરસ્કાર કરવામાં આવે છે. પ્રેમ માટે આવું નકારાત્મક વાતાવરણ હોય તો પ્રેમ ખિલે ગુલશન ગુલશન કયાંથી થાય??" રાજુએ નૈરાશ્યપૂર્ણ વ્યથા વર્ણવી.

" રાજુ. તારી વાત મુદાની છે. માનો કે સો ટચનું સોનું છે. જાહેર બગીચા, કેનાલ, હોટલ, સિનેમા વગેરેમાં પ્રેમી યુગલ ગુટરગુ કરતા હોય તો બિચારાની સાબુ-સોડા-ડિટર્જન્ટ વિના ધોલાઇ થઇ જાય ! પ્રેમીપંખીડાના નામે અખબારમાં વગોવી નાંખે છે. પ્રેમીઓએ વગોવ્યા મોટા ખોરડાં રે, હવેલી રે લોલ. પ્રેમમાં પડયા તેવું કેમ બોલાતું હશે? પ્રેમમાં પડવું એટલે વાવ-કૂવા હવાડામાં પડવા જેવું હિનતમ હોય!! પ્રેમલગ્ન કરનારને માબાપ ઓનર કિલિંગના નામે કતલ કરી નાંખે છે. મુસ્લિમ દેશોમાં પછાતપણું વધારે છે. વાતો વસુધૈવ કુટુમ્બકમની વાતો કરવાની અને સંકુચિતપણામાં કેદ થવાનું!! " મેં વરવી વાસ્તવિકતા રજૂ કરી.

" ગિરધરભાઇ.આવા વાતાવરણમાં છોકરીઓને દાણા નાંખીએ તો પણ મારો કયાં મેળ પડે? માનો કે તલ શેકીને વાવવા જેવું છે.નાતમાં કોઇ મંડાતી નથી. મને લાગે છે કે આમ ને આમ કુંવારો મરીશ" રાજુ ધ્રુસ્કે ધ્રુસ્કે રડી પડયા!!

" રાજુ. તારા વાંઢાપણું અને ચીનને શું લેવાદેવા? ચીનમાં વન ચાઇલ્ડની પોલિસી છે. ત્રણ કરોડથી વધુ વાંઢા ચીનમાં છે . તું મણ કરોડ એક નંબરનો વાંઢો છું. " મે ઇડીની જેમ ઉલટ તપાસ શરૂ કરી.મારી ઉલટ તપાસમાં ભલભલા રીઢા ગુનોગારો ભાંગી પડે છે અને સીબીઆઈ તોતાની માફક ગુનાની કબુલાત કરતા હોય તો રાજુ રદી શું વિસાતમાં છે?( ગિરધરલાલ ડંફાશ માપની મારો. તમે ઇડી જેવી ઘરવાળી પાસે વટાણા ઉપરાંત અડદ, મગ, વાલ, મસુર એમ બધું કઠોળ વેરી નાંખો છો?? એ પણ થર્ડ ડીગ્રી ટોર્ચર કર્યા સિવાય ગધેડાની જેમ ગુનાઓ ભૂકી માંખો છો!!)

" ગિરધરભાઇ. ચીન તેના ઘટતા જન્મ દર સાથે વસ્તી વિષયક કટોકટી તરફ આગળ વધી રહ્યું છે. સરકારના રાજકીય સલાહકારોએ તેનો સામનો કરવા માટે અનેક સૂચનો આપ્યા છે. ચીનની ઘણી કોલેજોએ પણ દેશની આ ચિંતા દૂર કરવા માટે એક અનોખો પ્લાન લઈને આવ્યો છે. ચીનના ઘટી રહેલા જન્મ દરને રોકવા માટે દેશભરની નવ કોલેજો ઈચ્છે છે કે તેમના વિદ્યાર્થીઓ એપ્રિલમાં અઠવાડિયાની રજા દરમિયાન આગળ વધે અને પ્રેમમાં પડે. ફેન મી એજ્યુકેશન ગ્રુપ દ્વારા સંચાલિત શાળાઓએ ૨૩ માર્ચે જાહેરાત કરી હતી કે, તેઓ ૧ એપ્રિલથી ૭ એપ્રિલ સુધી વેકેશન પર જઈ રહ્યા છે. આ દરમિયાન વિદ્યાર્થીઓને મોજ-મસ્તી કરવાનું કામ સોંપવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ લીલા પહાડો અને પાણી જોવા જશે અને વસંતનો અનુભવ કરશે, મિયાંગ ફ્લાઈંગ વોકેશનલ કોલેજના ડેપ્યુટી ડીન લિયાંગ ગુઓહુઈએ એક નિવેદનમાં જણાવ્યું હતું. આ માત્ર વિદ્યાર્થીઓના અનુભવને વિસ્તૃત કરશે અને તેમની સંવેદનાનો વિકાસ કરશે પરંતુ વર્ગમાં શીખવવામાં આવતી વસ્તુઓને પણ ઊંડો બનાવશે. રજાઓમાં વિદ્યાર્થીઓને હોમવર્ક પણ આપવામાં આવ્યું છે. જેમ કે ડાયરી લખવી, પોતાની આંતરિક વિકાસ પર ધ્યાન આપવા અને મુસાફરીના વીડિયો બનાવવા. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, કેમ્પસમાંથી બહાર નીકળો, પ્રકૃતિના સંપર્કમાં રહો અને તમારા હૃદયમાંથી વસંતની સુંદરતાનો અનુભવ કરો. શાળાઓ ૨૦૧૯થી વિદ્યાર્થીઓ અને શિક્ષકોને એક અઠવાડિયાનો સ્પ્રિંગ બ્રેક આપી રહી છે.

ભરત વૈષ્ણવ

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
## આયોજક : પ્રદીપ રાવલ







**NOG SS NO 140**
વિષય: સેવા પરમો ધર્મ
શીર્ષક: પ્રથમ સોપાન સેવાનું
પ્રકાર: ગદ્ય
શબ્દો: ૨૯૬
લેખિકા: હેમા ત્રિવેદી

ઘણી પ્રવૃત્તિઓ સાથે સેવા શબ્દ જોડાયેલો છે..માબાપની સેવા, દરિદ્રનારાયણની સેવા,અપંગ બિમારની સેવા, ઘરથી લઈને સમાજ અને રાષ્ટ્ર સુધી સેવાનો વ્યાપ મોટો છે.અને એ જરૂર કરવી જોઈએ. માનવ માત્રની ફરજ છે.
પણ કેટલીક સેવાઓ એવી છે જેને મોટા કોઈ લેબલની જરૂર નથી.માત્ર દિલનો ભાવ હોવો જોઈએ..
ચકલાંને ચણ ને પાણીનાં કૂંડાં, જન્મદિવસે ગરીબોને ખીચડી, પાંજરાપોળમાં લૂલા લંગડાં પશુઓને ઘાસનું નીરણ,સખત ગરમીના દિવસોમાં ટ્રાફિક સિગ્નલ પર ઉભેલા પોલીસને, ફૂટપાથ પર બેઠેલાને ઠંડા પાણીની બૉટલ, જમણવારમાં વધેલું અન્ન પણ અમુક સંસ્થાઓ લઈ જાયછે.

અત્યારની પેઢી પણ બહુ સમજદાર છે. જલારામ વૃધ્ધાશ્રમની મુલાકાત લીધેલી ત્યારે એમણે કહ્યું કે વૅલેન્ટાઈન ડેની ઉજવણીમાં ભણતા વિદ્યાર્થીઓ પણ વાન કરીને અમને પિકનીક પર કે દર્શન કરવા લઈ જાયછે. આપણે પણ એવું કરી શકીએને ?

શનિવારે ખીચડી? ખવડાવવાનો બહુ મહીમા છે એક વખત બરોડા કાશીવિશ્વનાથ મંદિરની બહાર બેઠેલા ભિક્ષુકોને ખિચડી ખવડાવવા લઈ ગઈ તો આગળ કોઈએ આપી હશે. એટલે મને ના કહી. મેં કહ્યું રાત્રે મોડા ખાજો તો કહે હવે ના ખવાય. અને સંગ્રહ કરતા નથી. કાલે ભગવાન ભૂખ્યા નહીં સુવાડે.આવે સમયે અન્નક્ષેત્રમાં દાન આપવાથી યોગ્ય સમયે ગરીબોને ભોજન આપી શકાય.

તમારી પાસે મોટાં ડોનેશન આપીને સેવા કરવાની શક્તિ ના હોય તો વાંધો નહીં..
ઘણાં નાનાં સેવા કાર્યો છે.. ઝુપડપટ્ટીનાં બાળકોને ભણાવો,એ માટે જરૂરી સાધનો (દફતર ચોપડીઓ વગેરે )આપી પ્રોત્સાહિત કરો .વાર તહેવારે રમકડાં, કપડાં કે ચોકલેટો આપી રાજી કરો.દિવાળીના દિવસોમાં ગરીબ બાળકોને મિઠાઈ સાથે તારામંડળ આપી જુઓ..એમના ચહેરા પર જે ખુશી જોવા મળે એનો અપાર સંતોષ થશે.
કમિશનરની નિગરાની હેઠળ અનાથ આશ્રમ ચાલતાં હોયછે.. એમાં દીકરીઓનાં લગ્ન ગોઠવાય ત્યારે યથાયોગ્ય કન્યાદાન અને ઘર વસાવવામાં જરૂરી ઘરવખરી આપી શકાય.. ઉમદા કાર્ય છે.

વિચારશો તો તમારી નજર સામે ઘણી સેવાકીય પ્રવૃતિઓ દેખાશે.

---

**NOG SS No 149**
વિષય સેવા(પરમો ધર્મ)
પ્રકાર ગદ્ય શબ્દો ૨૯૦
શીર્ષક સેવા ધર્મ
નામ પલ્લવી જોષી.સરિતા
ગામ વડોદરા

સેવા એટલે શું ? તો કોઈ પણ રીતે કોઈને પણ મદદરૂપ થવું એ સેવા છે.
કોઈની પણ સેવા કરવી,ચાકરી કરવી,મદદ કરવી એજ સાચો ધર્મ છે. ધર્મની શ્રેષ્ઠતા સેવામાં જ રહેલી છે. મંદિરે દર્શન કરવા નહીં જાવ તો ચાલશે,પણ કોઈ ગરીબ, જરૂરતમંદ ને જમવાનું, કપડાં,રહેવા માટે નાનકડી ઓરડી આપશો તો ડુંગરાવાળો ભગવાન આને ડુંગરાવાળી માતા બંને ખૂબ રાજી થશે.

ઘરના માબાપ ને વૃધ્ધાશ્રમમાં મૂકવાને બદલે એમની સાથે રહો,એમને સમય આપો,એમની સેવા કરો,આજ સાચી સેવા છે.એક મા પોતે ભૂખી રહીને, ભીના માં સૂઈને, મહેનત મજૂરુ કરીને,પેટે પાટા બાંધીને પોતાના સંતાનનો ઉછેર કરે છે.એની વૃધ્ધાવસ્થામાં એને તમારી લાગણી,પ્રેમ, હૂંફની જરૂર હોય છે.તમને ખૂબ લાડ લડાવી મોટા કર્યા છે,એ માબાપની સેવા કરો .જેમને બાળપણમાં આંગળી ઝાલી ચાલતાં શીખવ્યું 'તુ એમને આજે લાકડીનો ટેકો કેમ લેવો પડે,તમેજ એમની લાકડી બનો ને,એમનો સહારો બનો ને !મારી દ્રષ્ટિએ તો આનાથી મોટી ને શ્રેષ્ઠ બીજી કોઈ સેવા નથી !
અનાથ બાળકો તરછોડાયેલા માબાપ આ બધાંની પાસે જાવ અને જો ભગવાને તમને તન,મન,ધનથી સક્ષમ બનાવ્યા હોય તો આવા જરૂરતમંદ માણસો, બાળકો,વૃધ્ધો,અપંગ,બીમાર,અબોલજીવ,એટલે કે પશુ પક્ષીઓનું પાલનપોષણ કરો આ બધી સેવા જ છે ને આ બધું કર્યા પછી તમારાથી કદાચ મંદિરે નહીં જવાય તો પણ ચાલશે,ચાલશે શું દોડશે.મંદિરે ગયા વગર જ તમને આ સેવા ધર્મથી ઈશ્વરના આશીર્વાદ મળી જશે.
બંને એટલી સેવા કરજો બધાંની,કારણ ક્યાં રૂપમાં ને ક્યારે આપણા આંગણે ભગવાન પણ આવીને જતા રહે તો પણ આપણને ખબર નથી પડતી.તમારા દ્વારે કોઈપણ સાધુસંત આવે કે ભિખારી આવે તમારી પાસે જે હોય એ ,ફૂલ નહીં તો ફૂલની પાંખડી પણ એને આપજો.આજ સાચી સેવા છે. એને અપશબ્દ ના બોલશો,તમારી પાસે જે હોય એમાંથી થોડું પણ એને આપજો.

---

**NOG SS NO:- 204**
વિષય :- સેવા પરમો ધર્મ
પ્રકાર :- પદ્ય
શીર્ષક:- માનવ સેવા એજ માધવ સેવા
લેખક :- ચેતના કેતન પટેલ 'ક્રિષ્ના'

માનવ સેવા એજ માધવ સેવા ★★★★★★

આત્માની પીડા અનુભવે જે
પર દુઃખે દુઃખી થાય જે,
મદદ કરવા તત્પર હોય જે,
અરે! એ જ તો ખરો માનવી.
દિન રાત સેવા કરે જે,
તોય અંહકારથી દૂર હોય જે,
ગરીબોનો બેલી હોય જે,
અરે! એ જ તો ખરો માનવી.
જીવ ને શિવ માને જે,
સેવામાં જીવન અર્પણ કરે જે,
આત્મામાં પરમાત્માની પ્રાપ્તિ કરે જે,
અરે! એ જ તો ખરો માનવી.

---

**NGGOS NO: 216**
વિષય: સેવા પરમો ધર્મ
શિર્ષક: નિષ્કામ કર્મ
પ્રકાર: પદ્ય શબ્દ: ૨૨૯
ગાગા લગાલ ગાગા ગાગા લગાલ ગાગા

માનવજનમ મળ્યો છે નીપજ કરમની કરશું,
નિષ્કામ કર્મથી આ ગાથા ધરમની કરશું.

બે હાથ-પગની સાથે આપી વિચારધારા,
કાપી અવરના દુઃખો ઉલેચું આંસુ ખારાં,
અત્તર સમાણું મ્હેકી સેવા પરમની કરશું.
નિષ્કામ કર્મથી આ ગાથા ધરમની કરશું.

છાયો બની વિહરશું; તરસ્યાનો થઈશું પ્યાવો,
મીઠપ ભરેલ વચને પોંછીશું સૌના ઘાવો,
ફૂલો સમાણું જીવી શાતા જખમની કરશું.
નિષ્કામ કર્મથી આ ગાથા ધરમની કરશું.

નિઃસ્વાર્થ ભાવ સેવા પરમો ધરમ છે આવો,
અવસર અમૂલ્ય ઝીલું ઈશનો અતુલ્ય લ્હાવો,
ઈશ્વરકૃપા છે એવી; વાતો મરમની કરશું.
નિષ્કામ કર્મથી આ ગાથા ધરમની કરશું.
- મનીષા ભદ્રેશ (મુંબઈ)

---

**NOG.0098**
વિષય:- સેવા પરમો ધર્મ
પ્રકાર:- ગધ્ય
શીર્ષક:- અદભુત તરંગો
નામ :- લીના શર્મા..
શબ્દ સંખ્યા:- ૨૦૮

સેવા પરમો ધર્મ:

સેવાથી બઢકર દુનિયામાં કોઈ ધર્મ નથી કે કોઈ પુણ્ય કાર્ય નથી. જ્યારે સેવાના ભાવથી અમે વિચારી એ તો આખી સૃષ્ટિ અમારી સાથે હોય છે અને જ્યારે પોતાના માટે વિચારીએ તો આખી સૃષ્ટિ અમારાથી કપાઈ ને જુદી થઈ ગઈ લાગે છે. એટલે જ લોક કલ્યાણ નું ખાસ્સો મહત્વ છે .તમે ફક્ત વિચારી જુઓ કોઈની મદદ માટે પછી જુઓ મનમાં કેવી અદભુત તરંગો ,ભાવ પૈદા થાય છે .ઈચ્છા શક્તિ હોય તો સંસાધનો વગર પણ સારો પ્રયાસ કરી શકાય. ઉનાળામાં મૂંગા પશુ, પંખીઓ માટે ખાવા પીવાની,દાણાપાની ની વ્યવસ્થા કરીને સેવાકીય કાર્ય કરી શકાય .

મિત્રો ,બાળકો માટે મોંઘી ચોપડીઓ ખરીદી કરતા વખતે આપણે ક્યારેક વિચાર્યું હતું કે આ જ ચોપડી ઓ એક દિવસ રદ્દી બની જશે? જ્ઞાનના ભંડારથી લબ્રેજ ચોપડીઓ રદ્દી કેવી રીતે થઈ શકે? ચોપડીઓ રદ્દી માં વેચવાથી તો સારું છે કે કોઈને કામ લાગી જાય.બધા વિદ્યાર્થીઓની પરીક્ષાઓ પૂર્ણ થવાની તૈયારી છે. મોંઘી ચોપડીઓ આપણે રદ્દી માં ના વેચી દઈએ ,આવા વિચારોથી ,સેવાના ભાવથી, કે અમે ચોપડીઓને રદ્દી નહીં બનવા દઈએ એક અભિયાન શરૂ કરી અને આ અભિયાનથી હજારો જરૂરત મંદ વિદ્યાર્થીઓ અને એના પરિવાર જનોના શકુનના ભાગીદાર પણ બનીયે .મિત્રો એક કહેવત છે કે નેકી કર, દરિયા મે ડાલ .વાહ -વાહ માટે નહીં, નિઃસ્વાર્થ ભાવથી સેવા કરીને પ્રકૃતિ અને સમાજ માટે આપણે સૌ સહયોગી બનીયે.

---

**NOG SS No.201**
વિષય : સેવા પરમો ધર્મ
શિર્ષક: સેવાભાવ
વિભાગ:પદ્ય શબ્દ:: ૯૦
?? પૂર્વી સુનીલ પટેલ."ઈશાની"

મનમાં માનવતાનો ભાવ રાખો,
સર્વ જીવ માટે સમભાવ રાખો.

સેવા છે જ અનોખો પરમ
આભાર - નિહારીકા રવિયા ધર્મ,
સેવાભાવ હંમેશા પ્રથમ રાખો.

પશુ-પક્ષીઓ કે જીવજંતુઓ,
પ્રાણીમાત્ર માટે કરૂણતા રાખો.

કોઈ બીમાર કે અસહાય કાજે,
સેવાયજ્ઞ સદા પ્રજ્વલિત રાખો.

સેવા, સાધના અને સુશ્રુષાથી,
આ જીવન દીવડો અખંડ રાખો.

પ્રેમ, હૂંફ,હિંમત અને આશ્વાસન,
દિલને લોકહિતાર્થે ધબકતું રાખો.

આત્મકલ્યાણ અર્થે માર્ગ એક,
જ્ઞાન યજ્ઞ સદા પ્રજ્વલિત રાખો.

---

**NOG NO 136**
વિષય સેવા પરમો ધર્મ
શીર્ષક માણસાઈનો ધર્મ
વિભાગ પદ્ય
શબ્દ ૭૦
નામ હિમાંશી પંડિત નિર્મોહી

માણસ છીએ થોડી માણસાઈ રાખીએ,
પોતાના માટે સહુ કરે,
બીજાનો વિચાર કરે એ માનવ.

જન સેવા એ પ્રભુ સેવા,
એ કહેવત સાર્થક કરીએ.
દિન દુઃખીને બનતી મદદ કરીએ.

ભૂખ્યાને ભોજન આપીએ,
તરસ્યાને પાણી પાઈએ.

વૃદ્ધની તો એવી સેવા કરીએ,
આશિષ એમના મુખથી નીકળે.

પરોપકાર કરી ગુમાન ન કરીએ,
માનવ સેવાની ફરજ બજાવીએ.

કરી માનવ સેવા દુનિયામાં,
લખાય ચિત્રકૂટનાં ચોપડામાં.

---

**N.O.G. S.S No. 130**
વિષય - સેવા પરમો ધર્મ
શીર્ષક - કર્મનું ફળ
પ્રકાર - ગદ્ય - શબ્દો - ૨૬૩
લેખિકા - જાનકી સોની

અભિનયાનો આજે સરકારી નોકરી માટે અંતિમ ચરણનો ઈન્ટરવ્યૂ હતો. નાનપણથી ખુબ જ કરકસરમાં ઉછરેલી અભિનયા માટે આજનો ઈન્ટરવ્યૂ ખૂબ જ મહત્વનો હતો તેથી તે ખૂબ જ ઉત્સાહિત હતી. રસ્તામાં જતાં અભિનયાએ જોયું કે એક યુવક બાઈક પરથી પસાર થઈ રહ્યો હતો અને તેના ખિસ્સામાંથી મોબાઈલ નીચે પડી ગયો પરંતુ તે યુવકનું ધ્યાન નહોતું. અભિનયાએ સમયસૂચકતા વાપરી અને મોબાઈલ હાથમાં લઈને તેમાંથી છેલ્લે જે ફોન આવ્યો હોય તે જોવાની કોશિશ કરી પરંતુ મોબાઈલમાં લોક હોવાથી તે સફળ થઈ નહિ. અચાનક જ મોબાઈલ પર રિંગ વાગવા લાગી અને અભિનયાએ વાત કરી તો જોગાનુજોગ યુવકના પરિવારના સભ્યનો ફોન હતો તેથી અભિનયાએ સઘળી હકીકત જણાવી તો પરિવારના સભ્યએ અભિનયા જ્યાં ઉભી હતી એ વિસ્તારમાં આવવાની તૈયારી દર્શાવી અને અભિનયાને ત્યાં સ્થળ પર જ રાહ જોવાનું કહ્યું. અભિનયા રાહ જોવા લાગી પરંતુ તેને ખ્યાલ આવ્યો કે ઈન્ટરવ્યૂના સ્થળ પર પહોંચવામાં તેને મોડું થઈ રહ્યું હતું. ખાસ્સી વાર પછી તે યુવકના પરિવારના સભ્ય ફોન લેવા માટે સ્થળ પર પહોંચ્યા અને તેમને ફોન આપી દીધા પછી અભિનયા દોડાદોડ ઈન્ટરવ્યૂના સ્થળ પર પહોંચી તો નિયત સમય કરતાં તે ખૂબ મોડી પડી હોવાથી તેનો ઈન્ટરવ્યૂ થઈ શકયો નહિ તેથી તે ખૂબ જ નિરાશ થઈ ગઈ પરંતુ અંદરથી તેને એક વાતનો સંતોષ હતો કે આજે તેણે કોઈની મદદ કરી હતી. ઘરે ગયા પછી અભિનયાએ સઘળી હકીકત જણાવી તો ઘરનાં લોકોએ તેને ઠપકો આપ્યો અને ખૂબ જ ખરી-ખોટી સંભળાવી. પરંતુ અભિનયાના દાદાજીએ તેને શાબાશી આપી અને કહ્યું કે બેટા આજનો ઈન્ટરવ્યૂ તો તે ખૂબ સારા ગુણથી પાસ કર્યો છે અને સારા કર્મો ક્યારેય એળે નથી જતા. આ બાજુ અભિનયાના મમ્મી આ બધું સાંભળીને બોલ્યા કે જોયા બહુ મોટા સારા કર્મો કે નોકરી ના મળી.

---

**NOG.SS.NO:- 0088**
વિષય:- સેવા પરમો ધર્મ
વિષય:- ગદ્ય
શબ્દો:- ૨૮૫
શીર્ષક:- ભૂખ્યાં પેટની પીડા
લેખિકા નામ:- ડૉ. મનીષા વ્યાસ

પાટણ શહેર એટલે મોટાં મહાનગરોનો હજું તેની પર પડછાયો પણ નથી પડ્યો એવી શાંત અને ધીમે ધીમે વિકાસમાં પા પા પગલી પાડતી મારી પ્રિય નગરી.

પાટણમાં અમારે ૨૦૦૫થી ૨૦૧૫ સુધી રહેવાનો ઈશ્વર કૃપાએ મોકો મળેલો. નાનપણથી જૈન સહેલીઓ અને પાડોશમાં મોટી થયેલી. પરોપકાર, અહિંસા અને સેવાથી હર્યુંભર્યું ત્યાંનું વાતાવરણ. ત્યાં ક્યારેય ઘરમાં કોઈ મુસીબત આવે ત્યારે સૌ ઘરબાર વિહોણા ગરીબ ને જરૂરિયાતમંદોને ભોજન સામગ્રી વહેંચે. પાટણમાં પણ જૈન સોસાયટીમાં રહેવા મળ્યું.. એટલે બાળપણની ટેવ પ્રબળ બની.

એકવાર મેં પણ લોટ સાથે થોડી સામગ્રી વહેંચવા વિચાર્યું. પાટણમાં પદ્મનાથ જંકશનથી સિદ્ધિ સરોવર તરફ એક ધરોઈકેનાલની શુદ્ધ પાણીની શાખા જતી હતી. એની આજુબાજુ ખુલ્લી જગ્યામાં ઘરબાર વિહોણા સાવ ગરીબ પરપ્રાંતીય પરિવારો રહે. ઉપર આભ નીચે ધરતી. પાણીનું ગેલનિયું, બેચાર વાસણ, કાચો ચૂલો, તૂટીફૂટી ગોદડી એમની ઘરવખરી.

સામગ્રી વહેંચવા ગઈ. નાકામાં જ સાતેક વર્ષનું બાળક નાનકડાં ગલૂડિયાં સાથે રમતું હતું. મેં બૂમ મારી બેટા તારી મા ક્યાં છે? એણે હિન્દી મિશ્રિત ગુજરાતીમાં કહ્યું, "ઝાડુ બના રહી હૈ.. બુલાતા હુ.." મેં કહ્યું બીજાં બધાંને પણ વાસણ લઈને આવે એમ બોલાવ. એ બોલાવી લાવ્યો. લોટનાં પેકેટની થેલીમાંથી મેં સૌને લોટ આપવા માંડ્યો.. બીજું તેલ, મસાલો, શાકભાજી પછી બીજીમાંથી ખોલીને આપીશ.. એવું વિચારી મેં હજુ માત્ર લોટ જ આપ્યો હતો.. અને એ બાળક હરખથી બૂમ પાડી ઉઠ્યું.., "અમ્મા અબ તો રોટી પકાઓગી ના.. કિતને દિનો સે નહિ ખાઈ." ગલુડિયું ઉંચકીને વહાલ કરતાં બોલ્યો, "ચલ ટોની આજ તો રોટી ખાયેંગે." મારા મનમાં આ શબ્દો આજ પણ પડઘાય છે.. એને રોટી સાથે આજે તો શાક પણ ખાવા મળવાનું છે.. એની કલ્પના પણ નહોતી.. એકમાત્ર રોટીની આશાએ પણ આટલી બધી ખુશી.. કહેવાય છે ને કે, "ભૂખ જેવું કોઈ દુઃખ નહિ."

---

**NOG SS NO 223**
વિષય :- સેવા પરમો ધર્મ
શિર્ષક :- સેવા પરમો ધર્મ
પ્રકાર :- પદ્ય - શબ્દ :- ૧૩૩
નામ :- દેવેન્દ્ર આચાર્ય

કરીએ માતપિતા પરિવારની સેવા,
એ જ સેવા પરમો ધર્મ.
કરીએ જનસેવા,
એ જ સેવા પરમો ધર્મ.
જીવતા કરીએ રક્તદાન,
મૃત્યુ પછી અંગદાન; છે સેવા પરમો ધર્મ.
વિદ્યાનો દીપક પ્રગટાવી, કરીએ અક્ષરદાન;
એ છે સેવા પરમો ધર્મ.
જીવદયા, પશુપક્ષીની સેવા;
એ જ છે સેવા પરમો ધર્મ.
વૃક્ષો વાવી, ઉછેરીએ સ્મૃતિવન;
એ છે સેવા પરમો ધર્મ.
કરીએ અન્નદાન, ચક્ષુદાન;
એ જ છે સેવા પરમો ધર્મ.
સૈનિકોની સરહદે દેશસેવા,
પણ છે સેવા પરમો ધર્મ.
નિભાવો નાગરિક ધર્મ,
એ પણ છે સેવા પરમો ધર્મ.
પરિવારે પ્રેમ, સમાજમાં સેવા;
સદા છે સેવા પરમો ધર્મ.
વિશાળે જગ વિસ્તારે વિશ્વશાંતિ પ્રેમ,
છે સેવા પરમો ધર્મ.
આજે આવ્યા ને કાલે વિદાય લેશો,
પણ જગ કરે સદા યાદ;
એ છે સેવા પરમો ધર્મ.

## ઉત્તર ડાંગ વન વિભાગનો સંવેદનશીલ અભિગમ

# ધોમધખતા ઉનાળામાં વન્યજીવોને પીવાનું પૂરતું પાણી મળી રહે તે માટેનું પુણ્યકાર્ય હાથ ધરાયુ



આહવાઃ

ગુજરાતના ઘરેણાં સમાન ડાંગ જિલ્લાના ઘનિષ્ઠ વન વિસ્તારમાં રહેતા વન્યજીવો માટે, વન વિભાગે આ ધોમધખતા ઉનાળામાં પીવાના પાણીની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા સાથે ફોરેસ્ટ ફોર્સના જવાનોને સરકારી ફરજોની સાથે સાથે પુણ્યકાર્યની પણ તક ઉપલબ્ધ કરાવી છે.


ડાંગ જિલ્લાનો વન વિસ્તાર બે ભાગોમાં વહેંચાયેલો છે. ઉત્તર ડાંગ, અને દક્ષિણ ડાંગ. જે પૈકી ઉત્તર ડાંગ વન વિભાગ ૫૬૦૦૬.૯૪ હેક્ટર વિસ્તારમાં ફેલાયલો છે. જેમાં કુલ ૮ રેન્જ કાર્યરત છે. ઉત્તર વન વિભાગના કાર્યક્ષેત્રમાં ગુજરાતના ઘરેણાં સમાન 'પૂર્ણા વન્યજીવ અભ્યારણ્ય'નો પણ સમાવેશ થાય છે.વન્યજીવ અને વનસંપદાની દ્રષ્ટિએ, પુર્ણા વન્યજીવ અભ્યારણ્ય એક સમૃદ્ધ બાયોડાયર્વસિટી હોટસ્પોટ તરીકે અગત્યનું મહત્વ ધરાવતા, ભારતના પશ્ચિમ ઘાટનો ઉત્તરીય ભાગ છે. આ વન્યજીવ અભ્યારણ્યના તૃણાહારી અને માંસાહારી પ્રાણીઓ તથા પક્ષીઓના સંરક્ષણ, સંવર્ધન માટે પ્રતિબદ્ધ ફોટેસ્ટ ફોર્સ દ્વારા, ચાલુ ઉનાળાની ધોમધખતી ઋતુમાં, હીટવેવની સંભવિત પરિસ્થિતિને ધ્યાને લઇ, આ વનિલ જીવો માટે વિશેષ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે.

ઉત્તર ડાંગ વન વિભાગના નાયબ વન સંરક્ષક શ્રી દિનેશ રબારીના માર્ગદર્શન હેઠળ, તમામ રેન્જના પરિક્ષેત્ર વન અધિકારીઓ, તેમના ચુનંદા લાશ્કરો સાથે, આ પુણ્યકાર્યમાં જોતરાયા છે.વનોમાં વસતા વન્યપ્રાણીઓને ખાસ કરીને પીવાના પાણીની અછતનો સામનો ન કરવો પડે તે હેતુસર, પુર્ણા વન્યજીવ અભ્યારણ્ય સહિતના જંગલ વિસ્તારમાં, કુદરતી પાણીના સ્ત્રોતની સાથે સાથે પાણીના કૃત્રિમ સ્ત્રોતનું પણ નિર્માણ કરાયું છે. જેમાં ટેન્કરની મદદથી પાણી ભરવામાં આવે છે, અને ક્ષેત્રિય વનકર્મીઓ દ્વારા તેનું સતત નિરીક્ષણ કરી ખૂટતી કડી જોડવામાં આવે છે. આવા કૃત્રિમ સ્ત્રોત પાસે ટ્રેપ કેમેરા ગોઠવીને, વન્યપ્રાણીઓની હિલચાલનું પણ સુપેરે ધ્યાન રાખવામાં આવે છે.

ઉત્તર વન વિભાગના જંગલમાં આવા કુલ ૭૬ કુદરતી પાણીના સ્ત્રોતની સાથે સાથે, બીજા ૧૦૫ જેટલા કૃત્રિમ સ્ત્રોત ઉપલબ્ધ કરાવી, વન્યજીવો માટે પાણીની કોઈ અછત ના રહે તેનું સતત ધ્યાન રાખવામાં આવી રહ્યું છે.આગામી નાણાકીય વર્ષમાં સમગ્ર ઉત્તર ડાંગ વન વિભાગમાં બીજા નવા ૫૧ જેટલા પાણીના કૃત્રિમ સ્ત્રોતનું નિર્માણ કરવાનું પણ આયોજન વિચારાધીન છે. ઉલ્લખનીય છે કે ક્ષેત્રિય કર્મીઓના સઘન પ્રયાસોના કારણે, ચોશિંગા (હરણ કુળ) જેવા લુપ્ત પ્રાણીની હાજરી પણ, ટ્રેપ કેમેરામાં નોંધાઇ છે. જે વનકર્મીઓ અને વનપ્રેમીઓ માટે ખૂબ પ્રોત્સાહક બાબત છે.

# શિકારીના ગાળીયામાં ફસાયેલા દીપડાનું જીવ ના જોખમે રેસ્ક્યુ કરતા વનકર્મીઓ

## રેસ્ક્યુ ઓપરેશન દરમિયાન ઘાયલ થયેલા રાઉન્ડ ફોરેસ્ટ ઓફિસર શ્રી મનોજ ગાયકવાડને આહવા સિવિલ હોસ્પિટલમાં અને દીપડાને વાંસદા નેશનલ પાર્કના રેસ્ક્યુ સેન્ટર ખાતે સારવાર અર્થે દાખલ કરાયા



: આહવાઃ

વન અને વન્યજીવોના જતન સંવર્ધન માટે પ્રતિબદ્ધ ડાંગ વન વિભાગના લવચાલી રેન્જના વનકર્મીઓએ, પોતાના જીવ ના જોખમે શિકારીના ગાળીયામાં ફસાયેલા દીપડાનું રેસ્ક્યુ કરવામાં સફળતા મેળવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ઉત્તર ડાંગ વન વિભાગ હસ્તકની લવચાલી રેન્જના રીઝર્વ ફોરેસ્ટ કમ્પાર્ટમેન્ટ નં.૧૧૮માં, ગત રવિવારે શિકારીના ગાળીયામાં ફસાયેલ વન્યપ્રાણી દિપડો નજરે ચડતા, સ્થાનીક ગ્રામજનો દ્વારા લવચાલી રેંજના વન અધિકારીઓને આ અંગેની જાણ કરવામાં આવી હતી. જાણ થતાની સાથે જ લવચાલી રેંજના ચુનંદા વનકર્મીઓ, અને તે વિસ્તારમાં ફેરણામાં ફરજ બજાવતા રોજમદારોએ, તુરંત જ ઘટના સ્થળે પહોચી જઈ, આ વન્યપ્રાણી દીપડો હોવાની જાણ, લવચાલીના પરિક્ષેત્ર વન અધિકારીને કરી હતી. જેમના દ્વારા ઉત્તર ડાંગ વન વિભાગના વડા એવા, નાયબ વન સંરક્ષક શ્રી ડી.એન.રબારીને આ અંગેની જાણ કરાતા, શ્રી રબારીએ તેમના બે મદદનીશ વન સંરક્ષકશ્રીઓને ઘટના સ્થળે દોડાવી, વન્યપ્રાણી દીપડાને રેસ્ક્યુ કરવાની કામગીરીનું સંચાલન અને નિરીક્ષણ કરવા માટે જરૂરી સુચનાઓ આપી માર્ગદર્શન પૂરું પાડ્યું હતુ.

ઘટના સ્થળે તપાસ કરતાં વન્યપ્રાણી દીપડાના આગળના પંજામાં શિકાર માટેનો ગાળીયો ફસાયેલો હતો. જેનાથી દીપડો વધુ ઈજાગ્રસ્ત થયો હતો. જેને શકય એટલી જલ્દી રેસ્ટ કરવાની જરૂરીયાત જણાતાં ફ્રન્કીલાઇજર ગન, રેસ્ક્યુ નેટ, ખાટલો, પાંજરુ વિગેરેની વ્યવસ્થા, મદદનીશ વન સંરક્ષક શ્રી અમિત આનંદે કરી હતી. દરમિયાન સ્થાનીક ગ્રામજનો તથા દિપડા વચ્ચે કોઇ અણબનાવ કે ઘર્ષણ ન થાય તે બાબતે પણ વિષેશ તકેદારી દાખવવામાં આવી હતી. સાથે સાથે સમગ્ર દિવસ દરમ્યાન લવચાલી, સુબિર, અને આહવા (૫) રેંજના સ્ટાફ દ્વારા વન્યપ્રાણી દિપડાનું મોનીટરીગ કરાયું હતું.

ઉલ્લેખનીય છે કે, વિષમ ભૌગોલિક પરિસ્થિતિના કારણે આ દીપડાનું ફ્રન્કીલાઇઝ કરવું ખૂબ મુશ્કેલ હતું. તેવા સંજોગોમાં વેટરનરી ડોકટરે ફ્રન્કીલાઇજર દ્વારા, દિપડાને બેભાન કરવાની તજવીજ શરૂ કરી હતી. પરંતુ દીપડો કોતરમાં ફસાયેલો હોવાથી અને ઝાડી ઝાખરાવાળા વિસ્તારને કારણે ફ્રન્કીલાઇઝર ગનનો ઉપયોગ પણ થઇ શકે તેમ ન હતો. આવા સમયે વન વિભાગના બીટગાર્ડ તથા વનકર્મીઓએ રેસ્કયુ નેટથી દીપડાની સામે જઈ,ખૂબ જ જાંબાજી સાથે જોખમભર્યું કામ કરવાનો નિર્ણય લીધો હતો.આ રેસ્ક્યુ ઓપરેશન દરમિયાન દીપડાના હુમલાથી એક રાઉન્ડ ફોરેસ્ટર શ્રી મનોજ ગાયકવાડ ઈજાગ્રસ્ત પણ થયાં હતાં. તેમ છતા પણ કોતરમાં ઉતરી સંતાયેલા આ દીપડાને ગણતરીની મિનિટોમાં જ રેસ્ક્યુ નેટમાં પકડી લેવામાં આવ્યો હતો. તેજ સમયે વેટરનર ડોકટર અને તેમની ટીમે દીપડાને ઈન્જેકશન મારી, બેભાન કર્યો હતો. આ દીપડાને ખાટલા પર બાંધી જંગલમાંથી ખભે ઉચકી, ક્ષેત્રિય સ્ટાફે પાંજરા સુધી લઇ જઈને, મહામહેનતે પાંજરામાં પુર્યો હતો. ઘાયલ દીપડાને વધુ સારવાર અર્થે 'વાંસદા નેશનલ પાર્ક' ખાતે રેસ્ક્યુ સેન્ટરમાં લઇ જવાયો હતો. જ્યારે આ રેસ્ક્યુ ઓપરેશન દરમિયાન, દીપડાના હુમલાથી ઘાયલ થયેલા રાઉન્ડ ફોરેસ્ટર શ્રી મનોજ ગાયકવાડને વધુ સારવાર માટે અર્થે, આહવા સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા.

ઘટના સમયે નાયબ વન સંરક્ષણ શ્રી ડી.એન.રબારીએ પણ ઉપસ્થિત રહી, જરૂરી માર્ગદર્શન સાથે રેસ્ક્યુમાં જોડાયેલા વનકર્મીઓને મનોબળ પુરું પાડ્યું હતું. બહાદુર વનકર્મી શ્રી મનોજ ગાયકવાડની હિંમતની સરાહના કરતા તેમણે વન અને વનયજીવ પ્રત્યેની સંવેદના પણ વ્યક્ત કરી હતી. સમગ્ર ઘટનાક્રમની સ્થળ તપાસ ઈર્ઙ્ઘ લવચાલીએ હાથ ધરી છે.

# નમ્રતાગ્રીન ફાઉન્ડેશન તથા શેઠ સી જે હાઈસ્કૂલ દ્વારા વડાલી શહેરમાં વૃક્ષારોપણ અભિયાનનું આયોજન



ગ્લોબલ વૉર્મિંગ અને પર્યાવરણ ને બચાવવાના ઉદ્દેશ્ય સાથે, નમ્રતાગ્રીન ફાઉન્ડેશન તથા શેઠ સી જે હાઇસ્કુલ દ્વારા આજે વડાલી શહેરના જુના પોલીસ ક્વાર્ટર ચામુંડા મંદિરે ખાતે વૃક્ષારોપણ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જીગર દવે મનીષા સગર તથા અભિયાનમાં શેઠ સી જે હાઇસ્કુલ ના બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

આ અભિયાન માં શહેરના વિવિધ વિસ્તારોમાં ૭૦ થી વધુ છોડનું રોપણ કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટી કમલેશભાઈ પાટડીયા,ના માર્ગદર્શન હેઠળ સાબરકાંઠા શહેર પ્રમુખ જીગર દવે તથા સાબરકાંઠા મહિલા મોરચા પ્રમુખ મનીષા સગર તથા શેઠ સી જે હાઈસ્કૂલ ના બાળકો આ અભિયાનમાં સહભાગી થયા હતા.આ પ્રસંગે પ્રમુખ જીગર દવે જણાવ્યું હતું કે, ×વૃક્ષો આપણા પર્યાવરણ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેઓ ગ્લોબલ વૉર્મિંગને ઘટાડવામાં મદદ કરે છે, હવાને શુદ્ધ કરે છે અને ધરતીનું તાપમાન ઓછું રાખે છે.આપણે સૌએ વધુને વધુ વૃક્ષોનું રોપણ કરીને પર્યાવરણને બચાવવામાં મદદ કરવી જોઈએ.×સંસ્થાના મહિલા મોરચાના પ્રમુખ મનીષા સગર પણ આ અભિયાન ને ખૂબ જ પ્રશંસનીય ગણાવ્યું અને કહ્યું કે, ×આ પ્રકારના અભિયાનો દ્વારા શહેરના લોકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ ફેલાવવામાં મદદ મળશે.× નમ્રતાગ્રીન ફાઉન્ડેશન તથા શેઠ સી જે હાઈસ્કૂલ દ્વારા આયોજિત આ વૃક્ષારોપણ અભિયાન ખૂબ જ સફળ રહ્યું અને શહેરના લોકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ ફેલાવવામાં મદદ કરશે.તેવું જાણવા મળ્યું હતું

# ચાણસ્માના ખારીઘારીયાલ ગામે મૃતક કપીરાજની શાસ્ત્રોકત ક્રિયા મુજબ અંતિમવિધિ કરાઈ

હિન્દુ રીત રિવાજ મુજબ કોઈ વ્યક્તિનું અકાળે અવસાન થાય તો તેની મૃત્યુ પછીની અંતિમ ક્રિયા શાસ્ત્રોક્ત વિધિમાં આવતા વિધિ વિધાનથી કરવામાં આવે છે ત્યારે અત્યારે હાલના સમયમાં પણ ભારત દેશ આગળ વધી જતા માણસની સાથે સાથે જાનવરોની પણ અંતિમ ક્રિયા વિધિ વિધાનથી કરવામાં આવી રહી છે ત્યારે આજરોજ ચાણસ્મા તાલુકાના ખારીઘારીયાલ ગામે કપીરાજનું અવસાન થતાં તેની ગામ લોકો દ્વારા શાસ્ત્રોક્ત ક્રિયાથી અંતિમ ક્રિયા અવસાન વિધિ કરવામાં આવી હતી

પ્રાપ્ત વિગતો મુજબ ચાણસ્મા તાલુકાના ખારીઘારીયાલ ગામે આજરોજ એક કપિરાજનું ગામની અંદર સ્વાનોના આતંકથી મોત નિપજ્યું હતું તેથી તેની અંતિમ ક્રિયા ગામના રામ ભક્તો દ્વારા મૃતક કપીરાજ ના શરીર પર અબીલ ગુલાલ કંકુ ના છાંટણા કરીને વિધિ વિધાન મુજબ અંતિમ ક્રિયા કરવામાં આવી હતી આ પ્રસંગે ગામના રામ ભક્તો રમેશભાઈ પ્રજાપતિ ,બાબુ ભારથી ગોસ્વામી સહિતનાઓ દ્વારા મૃતક કપીરાજ ને શાસ્ત્રોક્ત વિધિ વિધાન થી દફનવિધિ કરવામાં આવી હતી

નિખિલ જોષી : પાટણ જીલ્લા બ્યુરોચીફ

# સરસ્વતી તાલુકાના અઘાર ગામે કુવારિકા માતાજીના લોકમેળામાં માનવ મેરામણ ઉભરાયો



સરસ્વતી ૮

પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકાના અધાર ગામે કુવારીકા માતાજીના દર્શના થી અને બાધા માનતાં રાખનાર શ્રધ્ધાળુઓ અને પ્રથમ પુત્ર ની માતાઓએ હાથ બાંધી શ્રીફળ ધારણ કરી પોતાની બાધા પરિપૂર્ણ કરી હતી

પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકાના અઘાર ગામમાં કુંવારિકા માતાજીના પરંપરાગત લોકમેળામાં રવિવાર તેમજ સોમવારે દર્શનાર્થે હજારોની સંખ્યામાં જનમેદની ઉમટી પડતાં ભીડ જામી હતી.

પાટણ શહેર નજીક અઘાર ગામમાં રવિવારે કુંવારિકા મૈયાના લોકોત્સવની રંગત જામી હતી. ગામના પટેલ મહોલ્લામાંથી સવારે વેલડા જોડી કુંવારિકા માતાજીને વષોની પરંપરાગત રીતે વાળંદ નાયી સમાજના ભાઈઓ અને બહેનો દ્વારા કુવારિકા માતાજીને કંકુ ચોખા તેમજ ફુલો દ્વારા પુજા અર્ચના કરીને વધાવવામાં આવ્યા હતા ત્યાર બાદ માતાજીની વાજતે ગાજતે વહેલામાં બિરાજમાન કરીને પ્રસ્થાન કરવામાં આવ્યું હતું અને રથયાત્રા કાઢવામાં આવી હતી. મંદિરમાં આરતી ઉતારીને મૈયાની મૂર્તિ?ને રથમાં બિરાજમાન કરાઇ હતી. જયાં હજારોની જનમેદનીએ માતાજીના દર્શનનો લાભ લીધો હતો.યુએસએ, અમદાવાદ, સુરત, મુંબઇ તેમજ પાટણ અને આજુબાજુના ગામડાઓમાંથી શ્રદ્ધાળુઓ કુંવારિકા માતાજીના દર્શનાર્થે અને રથયાત્રા નિહાળવા ઉમટયા હતા.પ્રાચીન મંદિર થી નીકળેલી રથયાત્રામાં દર્શનાર્થીઓએ અબીલ ગુલાલ, ચોખા અને ફુલોની વર્ષા કરી માતાજીના વધામણા કર્યા હતા. ગામમાં રથયાત્રા બે કલાક ફરી તળાવ કિનારે આવેલા પાળેશ્વર મહાદેવ મંદિરે પહોંચી હતી. જ્યાં કુંવારિકા મૈયા રવિવારે રાતવાસો કરશે અને સોમવારે માતાજીનું પુનઃ નિજ મંદિરે સ્થાપન કરવામાં આવ્યું હતું લોક મેળાને લઈને ગામમાં પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો. રવિવાર થી શરૂ થયેલ આ બે દિવસીય મેળામાં મોટી સંખ્યામાં લોકોએ માતાજીના દર્શનનો લાભ લીધો હતો કુવારીકા માતાજીની માનતા શ્રીફળ, સળગતી સગડી સાથે મહિ?લાઓ દર્શને આવી હતી તો પુત્ર જન્મની બાધા આખડીમાં માનતા પૂરી કરવા મહિ?લાઓ ગામના ગોદરેથી ઉગાડા પગે બે હાથ રૂમાલથી બાંધી તેમાં શ્રીફળ મૂકીને કુંવારિકા માતાજીના મંદિરે પહોંચી હતી. જ્યાં માતાજીને શિશ નમાવીને શ્રીફળ વધેરી શ્રદ્ધાપૂર્વક બાધા પૂર્ણ કરી હતી. કેટલીક મહિ?લાઓ માથે સળગતી સગડી મૂકીને માતાજીના મંદિરે પહોંચી હતી.મેળામાં અવનવી ચગડોળ, ચકરડી, રાઇડ્સ, ગોઠવાતા બાળકોએ મઝા માણી હતી. ખાણી-પીણીના સ્ટોલ ધમધમ્યા હતા.

અધાર ગામના ગ્રામજનો તેમજ યુવાનોને ને જયમત ઉઠાવી આ પ્રસંગને સફળ બનાવવા આવ્યો હતો

નિખીલ જોષી પાટણ જીલ્લા બ્યુરોચીફ

## ઈડર તાલુકા ભટ્ટ મેવાડા બ્રાહ્મણ સમાજ દ્વારા એકલિંગજી દાદા નો પાટોત્સવ ખુબ જ ધામધૂમથી રામજી મંદિરમાં ઉજવવામાં આવ્યો

બધા જ બ્રાહ્મણોએ બિન અનામત વર્ગના સર્ટિ મેળવી લઈ સરકારી યોજનાનો લાભ લેવો જોઈએ-- ગુજરાત સમસ્ત બ્રહ્મ સમાજ મુખ્ય સંગઠક શ્રી અતુલભાઇ દીક્ષિત.

ઈડર તાલુકા ભટ્ટ મેવાડા બ્રાહ્મણ સમાજ દ્વારા એકલિંગજી દાદા નો પાટોત્સવ ખુબ જ ધામધૂમથી ઉજવવામાં આવ્યો, સવારે દાદા ની પ્રતિમા રજનીભાઈ જોશી ના નિવાસસ્થાનેથી વાંજતે ગાજતે રામજી મંદિર ખાતે લાવવામાં આવી ત્યારબાદ આચાર્યશ્રી યોગેશભાઈ જોશી ના સાનિધ્યમાં ભૂદેવો દ્વારા વિધિવત પૂજન અર્ચન લઘુરુદ્ર સાથે મહાઆરતી સાથે પુજન કર્મ સંપન્ન કરવામા આવ્યું ભોજન દાતા શ્રી દિલીપ કુમાર લક્ષ્મણભાઈ જોષીદ્વારા સુંદર ભોજન વ્યવસ્થા કરવામાં આવી હતી ,આ પ્રસંગે તેજસ્વી તારલા ઓ નું સન્માન કરવામાં આવ્યું ,આ પ્રસંગે સમાજના આગેવાનો બિપીન ભાઈ ઉપાધ્યાય, રજની ભાઈ જોષી, ભરત ભાઈ પંડીત, સનથ ભાઈ ભટ્ટ, અરૂણ ભાઈ જોષી, જયેન્દ્ર ભાઈ ભટ્ટ અને મુખ્ય અતિથી સમસ્ત બ્રહ્મ સમાજ રાજ્યકક્ષા મુખ્ય સંગઠક શ્રી અતુલ ભાઈ દિક્ષિતે હાજર રહી સમાજ ઉપીયોગી માર્ગ દર્શન આપતા જણાવ્યું હતું કે આવી રીતના મેળાવડા થતા રહેશે તો સમાજને એકબીજા સાથે પરિચય થશે અને જો પરિચય થશે તો નવી પેઢીની લગ્નની સમસ્યાઓ દૂર થતી જણાશે. અને તમામ બ્રહ્મબંધુઓને જણાવ્યું હતું કે બધા જ લોકોએ બિન અનામત વર્ગ નું સર્ટી મેળવવું લેવું જોઈએ જેથી સરકારનો યોજનાઓને લાભો આપણે લઈ શકીએ. સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા પ્રમુખ શ્રી ચેતન ભાઈ જોષી, મંત્રી શ્રી આશિષ ભાઈ જોષી, હેમાંગ જોશી, મનોજ ભાઈ જોષી, કૌશિક જોષી વગેરે કારોબારી સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી, સમગ્ર કાર્યક્રમ નું સંચાલન પિનાકીન ભાઈ ઉપાધ્યાય તેમજ રાજુ ભાઈ જોશી એ કર્યું હતું

## સિંધી સમાજના ધાર્મિક તહેવાર ચેટીચાંદનું

# વિશાળ સેલિબ્રેશન અમદાવાદમાં રવિવારે સાંજે નિર્વાણા પાર્ટી પ્લોટ એસજી હાઈવે ખાતે યોજાયો



સિંધી સમાજના ધાર્મિક તહેવાર ચેટીચાંદનું વિશાળ સેલિબ્રેશન અમદાવાદમાં રવિવારે સાંજે નિર્વાણા પાર્ટી પ્લોટ એસજી હાઈવે ખાતે યોજાયો હતો. જેનું આયોજન ધી સિંધી ફાઉન્ડેશન, અમદાવાદ શાખા અને સિંધી કાઉન્સિલ ઓફ ઇન્ડિયા ગુજરાત દ્વારા કરવામાં આવ્યું છે. જેમાં અમદાવાદ નરોડા ના ધારાસભ્ય પાયલ કૂકરાની ,પૂર્વ સાંસદ સુરેશ કેશવાની ,સિંધી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના રાષ્ટ્રીય પ્રમુખ એસ કુમારજી ખાસ હાજરી આપી હતી. .સાથે સિંગર પિંકી માઈદાસાની તેમનું પરફોર્મન્સ આપ્યું હતું., તેમ ધ સિંધી ફાઉન્ડેશન અને સિંધી કાઉન્સિલ ઓફ ઇન્ડિયા ગુજરાતના પ્રમુખ નરેન્દ્રભાઇ સોમાણીએ જણાવ્યું હતું .આ ચેટીચાંદની ઉજવણીના કાર્યક્રમ દરમ્યાન સિંધી સમાજમાં ખાસ સેવા આપનાર તથા બિઝનેસ ક્ષેત્રે પણ આગવી ઓળખ ઉભી કરનાર યુવાનો અને બિઝનેસમેનને યંગ એન્ટરપ્રિન્યોર ૨૦૨૪ એવોર્ડ પણ આપવામાં આવ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.